Monday 16, June 2025
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૮ ❖ અંક : ૩૪ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

'વર્લ્ડ ક્લાસ હાઈવે' તરીકે જાહેર કરાયેલ આ પ્રોજેક્ટ હવે 'અધૂરા વિકાસ'નું ઉદાહરણ બન્યો

## ખાનવેલ-સેલવાસ હાઈવેનું કામ ૪ વર્ષથી અધૂરું



*હવે તો ચોમાસું શરુ થતાં કાદવ, ખાડા અને અંધારાને લીધે રોજ બરોજ અકસ્માતો અને જીવના જોખમે અહીં પ્રસાર થવું પડશે*

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૫ :** ચારેક વર્ષ પહેલાં ધામધૂમથી શુભારંભ થયેલ ખાનવેલ-સેલવાસ હાઈવે આજ સુધી પણ પૂરતો તૈયાર થયો નથી. વિકાસના દાવાઓ વચ્ચે, આ ૨૨ કિલોમીટર લાંબી હાઈવે માત્ર વચેતરાઉ કામ અને નિંદાજનક સ્થિતિનું પ્રતિક બની ગયો છે.

હાઈવે પર માત્ર વનસાઈડ ૧૨ કિમી સુધીનો જ માર્ગ ચાલુ છે. બીજું સાઈડ તો ક્યાંક ખોદાઈને છોડી દેવામાં આવ્યું છે, તો ક્યાંક કામ શરુજ નથી થયું. જેથી વાહનચાલકોને બંને દિશામાં એકજ પાટા પર હળવાગતિથી, ધોકાદાયક રીતે પસાર થવું પડે છે.

બસ, ટ્રક, બાઈક - બધુંજ એકજ તરફથી આવે છે. સવારે અને સાંજના ટાઈમે તો નરસિંહનાં આશીર્વાદે જ ઘેર પાછા ફરવું પડે છે તેમ રિક્ષા ચાલકે જણાવ્યું હતું.

સાંકળાયેલા પુલો હજુ પણ અધૂરા છે. અનેક સ્થળોએ ખોદકામ કર્યા બાદ કામ છોડી દેવામાં આવ્યું છે. મજૂરોની સંખ્યા બહુજ ઓછી હોવાને કારણે, કામની ગતિ પણ નબળી છે.

દોઢ-બે કિમીના વિસ્તારમાં ફક્ત પાંચેક મજૂરો કામ કરતાં હોય છે. આવી ગતિ રહી તો બાકીનો રસ્તો ક્યારેય પૂરું થશે કે કેમ એમ લાગે છે તેમ એક સ્થાનિક બસ ચાલકે કહ્યું જણાવ્યું હતું

સૂર્યાસ્ત બાદ તો આ હાઈવે જીવલેણ બની જાય છે. રસ્તા પર ક્યાંય પણ લાઈટનો પોઈન્ટ નથી, ન તો ચેતવણી ફલિત થાય તેવી કોઈ સંજ્ઞાઓ. રસ્તા પર રેલાયેલી બાંધકામ સામગ્રી અને અચાનક આવતી વળાંકો વાહનચાલકો માટે મોંઘી પડી રહી છે. એમ્બ્યુલન્સે દૂર્ઘટના સ્થળે પહોંચવામાં બે ગણો સમય લાગે છે. બાઈકની અકસ્માતોની સંખ્યા ૪૦%થી વધુ વધી છે મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે ફક્ત પાંચ વર્ષમાં લાઈટ અને તમામ સગવડો સાથે પૂરું થઈ ગયું. કોસ્ટલ રોડ પ્રોજેક્ટ દિવસ-રાત શિફ્ટમાં કાર્યરત છે. પણ સેલવાસ જેવા નાનાં શહેરોમાં હજી સુધી ન તો કામ પૂરું થયું છે, ન તો કોઈ સમયમર્યાદા નક્કી છે.

શું કારણ છે કે મેટ્રો શહેરોમાં રહીએ તો સુરક્ષા મળે, અને અમારા જેવા ગામડાંઓમાં જીવ ઉઘાડી સડક પર મુકવો પડે? એક ક્રોધિત વાલી પિતાએ કહેલું કે જેમનો સંતાન રોજ આ રસ્તે સ્કૂલ જાય છે.

હવે તો ચોમાસું બરોબાર આવી ગયું છે. કાદવ, ખાડા અને અંધારાને લીધે રોજ કોઈને કોઈ જીવના જોખમ સાથે સામનો કરવો પડે છે. 'વર્લ્ડ ક્લાસ હાઈવે' તરીકે જાહેર કરાયેલ આ પ્રોજેક્ટ હવે 'અધૂરા વિકાસ'નું ઉદાહરણ બની ગયું છે.



ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં છેલ્લા બે દિવસથી વરસાદી માહોલ જામ્યો છે. ડાંગના ડુંગરાળ પ્રદેશો અને ખીણ વિસ્તારોમાં અદભુત અને મનમોહક કુદરતી દ્રશ્યો સર્જાયા છે. ચારેબાજુ છવાયેલી લીલોતરી, ઝાકળથી ભીંજાયેલા વૃક્ષો અને વાદળછાયું વાતાવરણ પ્રવાસીઓને મંત્રમુગ્ધ કરી રહ્યુ છે. ધુમ્મસભર્યા પહાડો, ખળખળ વહેતા ઝરણા અને લીલાછમ વૃક્ષોની હારમાળાથી આહ્લાદક દ્રશ્યો સર્જાયા છે.

## વાપી મનપા દ્વારા વેરા વસૂલાત માટે ચલા અને ડુંગરામાં અલગથી કાઉન્ટર શરુ કરાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** વાપી મહાનગરપાલિકા દ્વારા મિલકતધારકોને વેરો ભરવા માટે વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. મિલકતધારકો જૂન માસમાં સરળતાથી અને ઝડપી વેરો ભરી ૫ ટકા રિબેટનો લાભ લઈ શકે એ માટે કમિશ્નર યોગેશ ચૌધરીના માર્ગદર્શનમાં ઘરવેરા વિભાગ દ્વારા વાપી ઉપરાંત ચલા અને ડુંગરા ઝોન કચેરીમાં ઘરવેરો સ્વીકારવા વધારાના કાઉન્ટર શરૂ કરવામાં આવ્યા છે અને રોકડ તથા ડીજીટલ પેમેન્ટ માટે અલગ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. વાપી મહાનગરપાલિકા દ્વારા GIPL કંપની પાસે આધુનિક ટેક્ષ સૉફટવેર તૈયાર કરાવી ઝડપથી વેરો ભરી શકાય એ માટે ઘરવેરો ઓનલાઈન ભરવાની વ્યવસ્થા પણ શરૂ કરવામાં આવી છે. મિલકતધારકો હવે vapicity.in વેબસાઈટ પર વાપી મહાનગરપાલિકાનો પ્રોપર્ટી ટેક્ષ પોતાનો ટેનેમેન્ટ નંબર નાંખી ઝડપથી ભરી શકે છે. મિલકતધારકોને હાલમાં ઘરેઘરે વેરા બિલ પહોંચાડવામાં આવી રહ્યા છે એ સાથે વોટ્સઅપથી પણ PDF બિલ મોકલવામાં આવી રહ્યા છે. વાપી મનપાના નાયબ મ્યુનિસિપલ કમિશનર અશ્વિન પાઠકે એક યાદીમાં જણાવ્યું છે કે વાપી મહાનગરપાલિકાનો અધિકૃત વોટ્સએપ મોબાઈલ નંબર ૯૭૨૭૭૭૪૫૯૩ છે. એ સિવાયના મોબાઈલ નંબર પરથી વાપી મહાનગરપાલિકાના નામે અજાણ્યા નંબર પરથી વેરો ભરવા અંગે મિલકતધારકોને કોઈ લીન્ક કે મેસેજ આવે તો સાવધાન રહેવું અને અધિકૃત વેબસાઈટ vapicity.in પરથી જ વેરો ભરવો. આગામી ૩૦ જૂન સુધીમાં શિક્ષણ ઉપકર સિવાયના વેરાઓ પર અપાતા ૫ ટકા રિબેટની યોજનાનો લાભ લેવા પણ અપીલ થઈ છે. ગત બે સપ્તાહમાં ૧૩૦૦૦થી વધુ મિલકતધારકોએ કુલ રૂા.૨૨.૧૮ લાખના રિબેટનો લાભ લીધો છે. આ પાંચ ટકા રિબેટની યોજના ૩૦મી જૂન ૨૦૨૫ સુધી ચાલશે જેનો લાભ વાપી મહાનગરપાલિકાના મિલકતદારોએ લેવો.

## વાપી પંથકમાં વરસાદના આગમન સાથે ઠંડક પ્રસરી

**આખો દિવસ ગરમીથી લોકો હેરાન પરેશાન બન્યા : સાંજે વરસાદ પડતા સમગ્ર વિસ્તારમાં ઠંડક પ્રસરી જતા રાહત અનુભવી**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** વાપી પંથકમાં વરસાદનું આજે રવિવાર તા. ૧૫-૬-૨૦૨૫ના રોજથી વિધિવત આગમન થઈ ગયું છે અને આજે આખો દિવસ દરમિયાન ભારે ગરમી બાદ સાંજે અચાનક ૪:૦૦ કલાકેથી ધીમીગતિએ વરસાદ શરૂ થતાં સમગ્ર વાપી પંથકમાં ઠંડક પ્રસરી જવા પામી છે.

વાપીમાં આજે રવિવારે મહત્તમ તાપમાન ૩૫થી ૩૬ ડિગ્રી રહ્યું હતું અને સમગ્ર દિવસ દરમિયાન ભારે ગરમી અને ઉકળાટ અને બફારાની પરિસ્થિતિ સર્જાતા લોકો લોકો હેરાન પરેશાન બની જવા પામ્યા હતાં અને ત્યારબાદ સાંજે ચાર કલાકેથી લગભગ સમગ્ર વાપી પંથકમાં અને ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી ઝાંપટા શરૂ થતાં ગરમીમાં થોડી રાહત મળી હતી. જોકે વરસાદનું આગમન વિધિવત થઈ જતાં રસ્તા પર ઠેર-ઠેર પાણી ભરાવાના તથા ગરમીથી અકળાયેલા શહેરીજનોએ રાહતનો દમ લીધો હતો. સાથે વાપી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં અનેક રસ્તાઓ બનાવવાનું કામ હજુ પણ બાકી હોય તેમજ પ્રિમોન્સુનની કામગીરી પણ પૂર્ણ ન થતી હોય આ વખતે મહાનગરપાલિકાનું તંત્રાને વરસાદી સમય દરમિયાન વરસાદી પાણીના નિકાલ માટે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડશે તેમ લાગી રહ્યું છે.



### પારડીમાં વરસાદ શરુ

પારડી તાલુકાના ગામડાઓમાં આજે વહેલી સવારથી વરસાદ પડતા જન જીવન ખોરવાયું હતું. આજે દિવસ દરમિયાન સતત વરસાદ પડ્યો હતો જેના કારણે લોકોને અસર થઈ હતી તો વરસાદની સિઝન શરૂ થઈ ગઈ હોય છેલ્લા ત્રણ દિવસથી ભારે વરસાદ પડી રહ્યો છે. સાથે પંથકમાં અને ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી ઝાંપટા શરૂ થતાં ગરમીમાં થોડી રાહત મળી હતી.

## વાપીના રેલ્વે ગરનાળા અને નગરમાં સમસ્યા માટે મનપાએ ઈમરજન્સી કોન્ટેકટ જાહેર કર્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** વાપી મહા નગરપાલિકાના પાણી પુરવઠા અને સીવરેજ (WSS) વિભાગમાં વિવિધ ટીમો અને જવાબદાર વ્યક્તિઓની યાદી જાહેર કરવામાં આવી છે. આથી ચોમાસા દરમિયાન પાણી ભરાવાની સમસ્યાઓ અને અન્ય પાણી અને સીવરેજ સંબંધિત ફરિયાદો માટે સંપર્ક કરી શકાય છે. આ સેવા 24x7 ઉપલબ્ધ છે અને દરેક વ્યક્તિનું નિર્ધારિત કાર્યકાળ અને સંપર્ક નંબર આપવામાં આવ્યું છે.

પ્રાપ્ત વિગત મુજબ વાપી મહાનગરપાલિકાના વહીવટી તંત્ર દ્વારા હાલમાં ચોમાસાની સીઝનને ધ્યાને લઈ નગરજનોને પડતી મુશ્કેલીઓ માટે જેવી કે વરસાદી પાણી ભરાવાના બનાવ, ઉભરાતી ગટર તેમજ શીવરેજ સંબંધીત સમસ્યાઓ માટે ૨૪ કલાક મહાનગરપાલિકાનું વહીવટી તંત્રના અનેક વિભાગો કાર્યરત રહેશે. જેને ધ્યાને લઈ આજે મહાનગરપાલિકાના કમિશનર યોગેશ ચૌધરી તેમજ વહીવટદાર એટલે કે વલસાડ જિલ્લા કલેકટર દ્વારા જવાબદાર અધિકારીઓની નામાવલી મોબાઈલ ફોન સાથે જાહેર કરવામાં આવી છે. જેમાં રેલ્વે ગરનાળામાં પાણી ભરાય તો તાત્કાલિક એજન્સીના પ્રેમભાઈ મો.નં.૭૭૩૭૪ ૪૯૫૪૦, સ્ટોર કિપર મુકેશભાઈ મો. ૯૫૩૭૨ ૮૪૬૧૨, ઓપરેટર રાહુલ મો. ૮૨૦૦૪ ૧૨૬૭૬ અને મિલન મો.૯૭૨૭૪ ૭૮૭૯૨, ઈમરજન્સી ડીઝાસ્ટર કંટ્રોલ રૂમ નં.૦૨૬૦ ૨૯૭૬૪૮૦ તેમજ પાણી વિભાગ અને ડ્રેનેજ વિભાગના એજન્સીના કર્મ ચારીઓ તેમજ મનપાના સુપરવાઈઝરો અને ઈલેક્ટ્રીશનોના પણ સંપર્ક કરવા માટે જણાવાયું છે.

## દાદરા નહેરમાંથી શંકાસ્પદ યુવાનનો મૃતદેહ મળ્યો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દાદરા, તા. ૧૫ :** દાદરા વિસ્તારના દિમની રોડ પર આવેલી નહેરમાં રવિવારે બપોરના સમયે એક યુવાનનો મૃતદેહ મળતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. નહેરમાં લાશ તણાતી જોવા મળતા સ્થાનિક રહીશોએ તરત જ દાદરા પોલીસને જાણ કરી હતી.

પોલીસ ઘટના સ્થળે પહોંચી લાશ બહાર કાઢવામાં આવી હતી. મૃતક યુવાનની ઓળખ રાજ નારાયણ તરીકે થઈ છે, જે દાદરા સ્થિત કિશોરકુમાર (મુન્ના) ટ્રાન્સપોર્ટમાં ડ્રાઈવર તરીકે કાર્યરત હતો.

પ્રાથમિક માહિતી મુજબ, રાજ નારાયણ રાત્રે દારૂ પીધા પછી નહેર પાસે ગયો હોવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે. સ્થાનિક લોકોએ આ દિશામાં આશંકા વ્યક્ત કરી છે કે દારૂના નશામાં તે નહેરમાં ઉતર્યો હોય અને તેનું સંતુલન બગડતા ડૂબી જતાં તેનું મૃત્યુ થયું હોઈ શકે.

હાલ દાદરા પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી વધુ તપાસ શરૂ કરી છે. આ મૃત્યુ અકસ્માત છે કે પાછળ કોઇ બીજું કારણ છે? તે અંગે પોલીસ વિવિધ દિશામાં તપાસ ચલાવી રહી છે.

ઘટનાને લઈને વિસ્તારના લોકોમાં ચિંતા અને ચકચાર જોવા મળી રહી છે. કેટલાક લોકોએ જણાવ્યું કે આ વિસ્તારનો યોગ્ય દેખરેખ નહીં હોવાથી આવી દુર્ઘટનાઓની શક્યતા વધતી જાય છે.

## જીલ્લામાં કોરોનાના કુલ ૧૭ કેસ એકટીવ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૫ :** વલસાડ જિલ્લામાં કોરોના વાયરસ પગ પેસારો કરી રહ્યો હોવાનું નોંધાતુ રહ્યું છે. અત્યાર સુધીમાં કુલ ૧૭ કેસો નોંધાયા છે.

જેમાં રવિવારે કોઈ કેસ નોંધાયો નથી. જયારે શનિવારે વલસાડમાં ૩૮ વર્ષની એક મહિલાને કોરોના પોઝીટીવ નોંધાયો હતો.

જીલ્લામાં હાલ ૬ દર્દીઓ હોમ આઈસોલેશનમાં છે જયારે કુલ ૬ કેસો એકટીવ કેસ તરીકે જાહેર કરાયા છે.

૧૧ દર્દીઓ સાજા થતાં તેમને રજા આપવામાં આવી છે.

## પારડીથી ગાંજા સાથે બે ઝડપાયા, બે વોન્ટેડ

**પારડી, તા. ૧૫ :** પારડી વિસ્તારમાં એસ.ઓ.જી. વાપીની પોલીસની ટીમે રેડ કરી રૂા. ૨૧,૩૩૦ના ગાંજાના મુદ્દામાલ સાથે બે ઈસમોને પકડી પાડ્યા હતાં. જ્યારે એક ઈસમને વોન્ટેડ બતાવ્યો હતો એસઓજી વાપી કેમ્પના પોલિસ ઈન્સ્પેક્ટર અને સ્ટાફની ટીમ રેડ કરી મોટરસાયકલ નંબર GJ15-AH-1451 માં જઈ રહેલા ચાલક આકાશ મહેશભાઈ ધોળી પટેલ રહે.ડુંગરી ફળિયા દમણીઝાપા પારડી તથા પ્રિતેશ શીવાભાઈ પૂજારી રહે. ઉંમરસાડી માછીવાડરોડ, ગોકુળધામ એપાર્ટમેન્ટ, પારડીને ૨.૧૩૩ કિલોગ્રામ કિંમત રૂા. ૨૧,૩૩૦ ના ગાંજાના મુદ્દા માલ સાથે પકડી પાડ્યો હતો. તેની સાથે આ ગુનામાં સડવાયેલા મોહનભાઈ ધોળકા રહે. વીરછેત ગંગોળાપાડા ફળિયા તા. કપરાડાને વોન્ટેડ જાહેર કર્યો હતો. પોલીસે તમામ સામે ગુનો દાખલ કરી પારડી પોલીસને સુપ્રત કર્યા હતાં. પારડી પોલીસે આ બંને આરોપીઓની ધરપકડ કરી વોન્ટેડ આરોપીની શોધખોળ શરૂ કરી છે અને આ બાબતની વધુ તપાસ ધરી છે

નોટિફાઈડ ફાયર વિભાગ દ્વારા ઈમરજન્સીમાં બચાવ અંગે

## ચણોદની ઈએસઆઈસી હોસ્પિટલમાં મોકડ્રીલ યોજાઈ






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** વાપી સેલવાસ રોડ પર આવેલી ઈ એસ આઈ સી હોસ્પિટલમાં આગ અને બચાવ કામગીરી અંગે જાગૃતિ લાવવા અને હોસ્પિટલ સ્ટાફ તેમજ દર્દીઓને માર્ગદર્શન આપવા માટે ફાયર મોક ડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મોક ડ્રિલમાં ઓપરેશન થિયેટર અને ટ્રાન્સફોર્મરમાં આગ લાગવાની ઘટનાનો સિનારિયો ઉભો કરવામાં આવ્યો હતો, જેમાં દર્દીઓ અને સ્ટાફના બચાવની કામગીરીનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

વાપી જીઆઈડીસી નોટિફાઈડ ફાયર વિભાગના ફાયર ઓફિસર ભરતસિંહે જણાવ્યું કે, આ મોકડ્રિલ દરમિયાન ઓપરેશન થિયેટરમાં આગ લાગવાથી એક દર્દી ફસાઈ જાય છે અને નજીકના ટ્રાન્સફોર્મરમાં આગ લાગવાથી ધુમાડાને કારણે અન્ય એક વ્યક્તિને અસર થાય છે, એવું દ્રશ્ય રચવામાં આવ્યું હતું. ફાયર વિભાગના જવાનોએ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી, બંને વ્યક્તિઓને સુરક્ષિત રીતે બહાર કાઢીને એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યા. ત્યારબાદ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. આ પ્રકારના મોક ડ્રિલથી ન માત્ર હોસ્પિટલ સ્ટાફની જાગૃતિ વધે છે, પરંતુ દર્દીઓ અને તેમના સગાઓને પણ આવી કટોકટીની સ્થિતિમાં શું કરવું તે અંગે જ્ઞાન મળે છે. ESIC હોસ્પિટલના આ પ્રયાસને સ્થાનિક ફાયર વિભાગ અને સ્ટાફ દ્વારા સફળ બનાવવામાં આવ્યું હતું. વાપી ESIC હોસ્પિટલ ખાતે જીઆડીસી નોટિફાઈડ ફાયર વિભાગ દ્વારા ફાયર મોક ડ્રિલનું સફળ આયોજન કરજામાં આવ્યું હતું.



સ્થાનિક સમાચારો
●આહવા ● સાપુતારા ● વાંસદા ● ચીખલી ● ખેરગામ ● ગણદેવી ● બીલીમોરા

Monday 16, June 2025
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

ધારાસભ્ય નરેશભાઈ પટેલ અને અગ્રણીઓએ મુલાકાત લીધી

# મેંધર-ભાટમાં ઝીંગા તળાવ ના દબાણ દૂર કરી કુદરતી કાંસને ખુલ્લો કરાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૫ :** ગણદેવી ધારાસભ્ય નરેશભાઈ પટેલ અને અગ્રણીઓની દેખરેખ માં મેંધર-ભાટ ગામે ઝીંગા તળાવ ના દબાણો દૂર કરી ૪ કીમી લાંબા અને ૫૦ મીટર પહોળા કુદરતી કાંસ ને ખુલ્લો કરાયો હતો. જેને પગલે પૂરની સ્થિતિ સામે રક્ષણ મળશે.

ગણદેવી ધારાસભ્ય નરેશભાઈ પટેલ એ શનિવાર સવારે મેંધર-ભાટ ગામ ની મુલાકાત લીધી હતી. અને અંદાજીત ૨૨૦ હેકટર જમીન માં અધિકૃત અને બિન અધિકૃત ૧૨૦૦ થી વધુ ઝીંગા તળાવો વચ્ચે થી પસાર થતા ૪ કીમી લાંબા અને ૫૦ ફૂટ પહોળા કુદરતી કાંસ ને ખુલ્લો કરાયો હતો. તળાવ ઉપર જવાના રેમ્પ, માર્ગો ઉપર નાં સાંકળા નાળા ઓને દૂર કરવા

બે જેસીબી અને એક પોકલેન્ડ કામે લાગ્યા હતા. કુદરતી કાંસ ખુલ્લો થતા ભાઠા, મોરલી, કલમઠા, વાસણ, છાપર સહિતના અનેક ગામો માંથી આવતા વરસાદી પાણી નો સમયસર નિકાલ થઈ શકશે એવી આશા બંધાઈ હતી. આ પ્રસંગે અગ્રણી પંકજભાઈ પટેલ, હેમંતભાઈ પટેલ, શાંતિલાલ પટેલ, રમણભાઈ પટેલ, ભીખુભાઈ પટેલ, નટુભાઈ પટેલ, સરપંચ આશિષ પટેલ, ચેતન પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. અને કામગીરી થી સંતોષ વ્યક્ત કર્યો હતો.

# ગણદેવી લાયન્સ કલબના પ્રમુખ વરાયા




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા.૧૫ :** ગણદેવી લાયન્સ કલબનો પદગ્રહણ સમારોહ શુક્રવારે સાંજે અટલજી કોમ્યુનિટી હોલ યોજાયો હતો. જેમાં પ્રમુખપદે અબરાર શેખ એ પોતાની ટીમ સાથે શપથ ગ્રહણ કર્યા હતા. અને એમજેએફ સંજીવ કેસરવાની ઉપસ્થિતિમાં કારભાર સંભાળ્યો હતો. ગત વર્ષના સસ્મરણો તાજા કર્યા હતા.અને આવનારા વર્ષમાં યશસ્વી સેવાકીય કાર્ય નો સંકલ્પ કર્યો હતો.

ગણદેવી લાયન્સ કલબ એ વર્ષ ૨૦૨૫-૨૬ માટેની નવી ટીમ શુક્રવારે સાંજે પદ ગ્રહણ સાથે કાર્યભાર સંભાળી લીધો હતો. જેમાં પ્રમુખ પદે અબરાર શેખ ની સર્વાનુમતે વરણી કરાઈ હતી. જ્યારે સેક્રેટરીપદે મિતેશભાઈ જોશી ટ્રેઝરર પદે મૌલિક નાયક, ઉપ-મુખપદે નિલેશ શર્મા અને જિજ્ઞા વૈદ્ય તેમજ હર્ષ ગોહિલ ટેમરપદે રાજ લાડ, જતીન સંઘવીની વરણી ને ઉપસ્થિતો એ તાળીઓ થી વધાવી લીધા હતા. આ પ્રસંગે લાયન્સ કલબના ગોપાલ ગોહિલ, પરેશ અધ્વર્યુ અને કેયુર વશીને તેમની ઉત્કૃષ્ઠ કામગીરી બદલ બિરદાવ્યા હતા. વિદાય લેતા પ્રમુખ પ્રીતિ પ્રજાપતિ એ ગત વર્ષ દરમિયાન હાથ ધરેલા સેવાકીય પ્રોજેક્ટ કામગીરીનો ચિતાર રજૂ કર્યો હતો. આ પ્રસંગે જયેશભાઈ ગાંધી એ સભામાં લાયન્સ કલબ નું સભ્યપદ ગ્રહણ કરી સેવામાં સહભાગી બનવા સંકલ્પ કરતા હોલ માં તાળીઓના ગડગડાટથી ગૂંજી ઊઠયો હતો. આ પ્રસંગે રાજેશ પટેલે લાયન્સ કલબની સેવાકિય પ્રવૃતિને બિરદાવી શુભેચ્છા પાઠવી હતી.

શપથવિધિ અધિકારી દ્વારા અબરાર શેખ ની સમગ્ર ટીમને સેવાકીય પ્રોજેક્ટ થકી સેવાનો વ્યાપ વધારવા સંકલ્પ કરાવ્યો હતો આ પ્રસંગે પાલિકા પ્રમુખ ભાવેશ પટેલ, સરસ્વતીપટેલ, કનૈયાલાલ વૈદ્ય, ચંદ્રકાન્ત કાપડિયા, તુષાર વશી, સોમભાઈ પટેલ, જનક પંડ્યા સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉદઘોષક તરીકે ઉમેશભાઈ મિસ્ત્રી પ્રસંગ શોભાવ્યો હતો.

# ડાંગ સ્વરાજ આશ્રમમાં જિલ્લા કક્ષાના યોગ દિવસની ઉજવણી થશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા. ૧૫ :** તા. ૨૧મી જૂન - ૨૦૨૫ ના રોજ ૧૧ મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનાં સુચારૂ આયોજનના ભાગરૂપે તા.૧૩ જૂનના રોજ નિવાસી અધિક જિલ્લા કલેક્ટર વિ.કે.જોષીના અધ્યક્ષ સ્થાને જિલ્લા કલેક્ટર કચેરીના સભા ખંડમાં બેઠક યોજાઇ હતી.

સમગ્ર વિશ્વ અને દેશભરમાં ૨૧ જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીની થીમ “YOGO FOR ONE EARTH ONE HEALTH” અને સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુક્ત ગુજરાત થીમ નક્કી કરવામાં આવેલ છે. જે મુજબ ગુજરાતમાં પણ વધુને વધુ લોકોને યોગ બાબતે જાગૃત કરવા અને યોગ સાથે જોડવાના ઉદ્દેશ્ય સાથે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્યારે ડાંગમાં જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ તેમજ ગામડાઓમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવા માટે આયોજન માટે બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં અધિક નિવાસી કલેક્ટર વિ.કે.જોષી દ્વારા જિલ્લા કક્ષાની ઉજવણી સંદર્ભે સ્થળ, વરસાદની પરિસ્થિતિને ધ્યાને લઇ સ્ટેજ, મંડપ અને ગ્રાઉન્ડ તૈયાર કરવા, સાઉન્ડ સિસ્ટમ, લાઈવ પ્રસારણ નિહાળવા એલઇડી સ્ક્રીન અને વીજ પુરવઠાની ઉપલબ્ધતા, ટ્રાફિક વ્યવસ્થા અને પાર્કિંગ, એમ્બ્યુલન્સ તેમજ હેલ્થની ટીમ સ્થળ પર ઉપલબ્ધ રાખવા, ગ્રાઉન્ડ તેમજ આસપાસ ની જગ્યાએ સાફ-સફાઈ ઉપરાંત પીવાના પાણીની વ્યવસ્થા કરવા બાબતે સંબંધિત વિભાગોને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. વધુમાં આ કાર્યક્રમ દરમિયાન જિલ્લાની તમામ શાળા-કોલેજ, આરોગ્ય કેન્દ્ર, પોલીસ હેડ ક્વાર્ટર અને સરકારી તમામ કર્મચારીઓ ઉપરાંત સ્થાનિક લોકોને મોટી સંખ્યામાં ભાગ લઇ આ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં સહભાગી બને તે પ્રકારનું આયોજન કરવા જણાવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા કક્ષાના મુખ્ય ઉજવણી સમિતિના સભ્યો હાજર રહી ચર્ચામાં ભાગ લીધો હતો.

# ચીખલી -સુરખાઈમાં યોગ સેશન કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી,તા.૧૩ :** નિયામક આયુષની કચેરી ગાંધીનગર તથા જિલ્લા આયુર્વેદ અધિકારી ડો.કાજલ મઢીકરના માર્ગદર્શન હેઠળ ૧૦૦ દિવસ યોગ દિવસ ઉજવણીના ભાગરૂપે સરકારી આયુર્વેદ દવાખાનું-ચીખલી તથા સુરખાઇ દ્વારા ગત બુધવારના રોજ સવારે અરવિંદ આશ્રમ (વૃદ્ધાશ્રમ) દેગામ યોગ સમાવેશ થીમ અંતર્ગત મેન્ટલ હેલ્થ અને સિનિયર સીટીઝન અંતર્ગત યોગ સેશન તથા આયુષ નિદાન સારવાર કેમ્પનુ આયોજન કરવામા આવ્યું હતું. જે અંતર્ગત મેડીકલ ઓફીસર ડૉ.નટવરસિંહ રાજપુરોહીત તથા ડૉ.માલતી પટેલ દ્વારા માનસીક સ્વાસ્થ્ય માટે યોગ અને પ્રાણાયમનું મહત્વ સમજાવી જરૂરી આયુર્વેદ સારવાર આપવામાં આપી હતી. યોગ શિક્ષક દ્વારા યોગ અને પ્રાણાયામ કરાવવામાં આવ્યું હતું.

ગણદેવી શ્રી સત્ય સાઈ સેવા સમિતિએ

# અંભેટા આશ્રમશાળામાં ૧ હજાર નોટબુકનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૫ :** ગણદેવી શ્રી સત્ય સાઈ સેવા સમિતિ એ શુક્રવાર સવારે અંભેટા આશ્રમ શાળા રહી અભ્યાસ કરતાં ૧૯૩ વિધાર્થીઓ ને ૧ હજાર નોટબુક, બોલપેન વિતરણ કરાઈ હતી. જેને કારણે આશ્રમ શાળા માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માં આનંદ વ્યાપી ગયો હતો. શાળા પરીવારએ આભાર વ્યક્ત કર્યો હતો. શ્રી સત્ય સાઈ ની ધર્મ સાથે પ્રેરણાદાયી શિક્ષણ,લોકસેવા ને બિરદાવી હતી.

# ડાંગમાં બોર્ડની પૂરક પરિક્ષાની તૈયારી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)


**આહવા, તા. ૧૫ :** આગામી તા.૨૩ જૂન, ૨૦૨૫ થી તા.૧ જુલાઇ, ૨૦૨૫ દરમિયાન ડાંગ જિલ્લામાં ધો.૧૦ અને ધો.૧૨ પૂરક પરીક્ષા યોજાનાર છે. જે પરીક્ષાના સુચારૂ આયોજન સંદર્ભે તા.૧૩ જૂનના રોજ ડાંગ જિલ્લાના નિવાસી અધિક કલેક્ટર વિ.કે.જોષીના અધ્યક્ષ સ્થાને જિલ્લા પરીક્ષા સમિતિની બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર વિ.કે.જોષીએ પરીક્ષા સાથે સંકળાયેલા તમામ વિભાગોને લાઈઝનીંગમાં રહી તમામ વ્યવસ્થાઓ સુનિચિત કરવા વિવિધ રચનાત્મક સૂચનો કર્યા હતા. તેમજ પરીક્ષાની આનુષાંગિક ભૌતિક સુવિધાઓની ચકાસણી કરી લેવા અનુરોધ તેમણે કર્યો હતો. આ બેઠકમાં જિલ્લા શિક્ષણાધિકારી જિગ્નેશ ત્રીવેદીએ પૂરક પરીક્ષાલક્ષી વિગતો આપતા જણાવ્યું કે, તા.૨૩ જૂન થી તા.૧ જુલાઇ ૨૦૨૫ દરમિયાન, SSC પરીક્ષાના કેન્દ્ર દિપ દર્શન માધ્યમિક શાળા આહવા ખાતે કુલ ૪૫૦ વિદ્યાર્થીઓ કુલ ૧૫ બ્લોકમાં પરીક્ષા આપશે. તેમજ HSC સામાન્ય પ્રવાહ માટેનું કેન્દ્ર એકલવ્ય મોડેલ રે. સ્કુલ આહવા ખાતે નક્કી કરવામાં આવેલ છે. જ્યાં કુલ ૫૮ વિદ્યાર્થીઓ બે બ્લોકમાં પરીક્ષા આપશે અને HSC વિજ્ઞાન માટેનું કેન્દ્ર સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા આહવા ખાતે નક્કી કરવામાં આવેલ છે.

જ્યાં કુલ ૬૦ વિદ્યાર્થીઓ બે બ્લોકમાં પરીક્ષા આપશે આ ત્રણેય પરીક્ષા કેન્દ્રો પર સીસીટીવીની સુવિધાઓ, પાણી, આરોગ્ય તેમજ વિદ્યાર્થીઓને આવવા જવા માટે બસની સુવિધાઓ સુનિચ્છિત કરવાં અંગે અધિક કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું.

વિશ્વ રક્તદાતા દિવસ નિમિત્તે

# વાંસદા કોટેજ હોસ્પિટલમાં વિવિધ રકતદાતાઓનું સન્માન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૧૫ :** વિશ્વ રક્તદાતા દિવસ નિમિત્તે કોટેજ હોસ્પિટલ વાંસદા ખાતે jci vansda royal,રેડ ક્રોસ સોસાયટી વાંસદા શાખા અને અન્ય સેવાભાવી સંસ્થાઓ દ્વારા વિશ્વ રક્તદાતા દિવસ નિમિત્તે વાંસદા તાલુકાના સૌથી વધુ રક્તદાન કરનારાઓનો સન્માન સમારોહ કોટેજ હોસ્પિટલ વાસદાના સુપ્રિટેન્ડેટ Dr. મોહિનીબેન પટેલ.,RMO ડૉ.ભરત ભાઈ પટેલ.,રેડ સોસાયટી વાંસદા શાખાના સેક્રેટરી પ્રદ્યુમનસિંહ સોલંકી,ખજાનચી હિનેશભાઈ ભાવસાર., JCI વાંસદા રોયલના પ્રમુખ મિતુલ ભાવસાર. ધર્મેન્દ્રસિંહ સોલંકી, ભુપેન્દ્રભાઈ પટેલ અને વાંસદા ની અગ્રણી સેવાભાવી સંસ્થા એવા તિલક ગ્રુપના અંતરીક્ષ કેવત ના સહયોગી ટીમ થકી ૭૦૭ યુનિટ રક્ત ભેગું કરવામાં આવ્યું હતું તે બદલ સૌનું સન્માન કરવામાં આવ્યું હતું, આ પ્રસંગે ધર્મેશભાઈ પુરોહિત,સાગર પટેલ આશિષ સોલંકી જયદીપ પટેલ સંદીપ સુરતી, કમલ દોશી તેમજ અન્ય સભ્યો આ પ્રસંગે હાજર રહી સૌથી વધુ રક્તદાન કરનારાનો સન્માન પુષ્પગુછ આપી કરવામાં આવ્યું હતું.

વિશેષમાં મહિલાઓમાં નીતાબેન પુરોહિત અને કાજલબેન પોપટનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. અને આજના દિવસે ડોકટર પછીનું સ્થાન રક્તદાતા નું છે તેની વાતો દ્વારા રક્તદાનનું મહત્વ સમજાવ્યું હતું..

આ પ્રસંગે ૨૫ થી વધુ રક્તદાતા ઓનું સન્માન કરીને સૌનો આભાર વ્યકત કરીને તેમના આ સેવાકાર્યને પ્રોત્સાહિત કર્યા હતા.

# ડાંગના ગામડાઓમાં વરસાદી માહોલ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૧૫ :** ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં છેલ્લા બે દિવસથી વરસાદી માહોલ જામ્યો છે.ડાંગ જિલ્લામાં વરસાદી માહોલ જામતા સમગ્ર સ્થળોનું વાતાવરણ આલ્લાદક અને પ્રફુલ્લિત બની જવા પામ્યુ છે.

પ્રવાસીઓ પણ ગુજરાતનાં એકમાત્ર ગિરિમથક સાપુતારા ખાતે વરસાદી માહોલનો ભરપૂર આનંદ માણી રહ્યા છે.

ડાંગ જિલ્લો તેના ગાઢ જંગલો,



ઊંચા ડુંગરો અને અપ્રતિમ કુદરતી સૌંદર્ય માટે જાણીતો છે.

જેમાં ચાલુ વર્ષે કમોસમી વરસાદને કારણે જિલ્લાભરમાં લીલોતરી વધુ ઘેરી બની છે,

સાપુતારા ખાતે ફરવા આવતા પ્રવાસીઓ મોબાઈલમાં સેલ્ફી લઈ આ અદભૂત દ્રશ્યોને કેદ કરી રહ્યા છે અને સોશિયલ મીડિયા પર શેર કરી રહ્યા છે.

વરસાદી માહોલને કારણે ડાંગમાં પ્રવાસીઓની અવરજવર પણ વધી છે, જે સ્થાનિક અર્થતંત્ર માટે પણ ફાયદાકારક સાબિત થઈ શકે છે.

મહામાયા મેલડી માતા સેવા ટ્રસ્ટ દ્વારા

# બીલીમોરામાં વિધાર્થીનીઓને ૧૫૦૦ નોટબુકોનું વિતરણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૧૩ :** બીલીમોરામાં મધ્યમ અને ગરીબ વર્ગના અભ્યાસ કરતા છાત્રોને સહાયરૂપ થવા ના ઉચ્ચ વિચારો સાથે બીલીમોરા મહામાયા મેલડી માતા સેવા ટ્રસ્ટ દ્વારા શુક્રવારે બીલીમોરા શાહ કેસરીચંદ ભાણાભાઈ મુખ્ય કન્યાશાળામાં અભ્યાસ કરતા વિધાર્થીનીઓ ને ૧૫૦૦ નોટબુકોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.



બીલીમોરા મહામાયા મેલડી માતા સેવા ટ્રસ્ટ દ્વારા શુક્રવારે કન્યા શાળામાં અભ્યાસ કરતી ૨૫૦ જેટલી વિદ્યાર્થીઓને ૧૫૦૦ નોટબુકોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. આજના વિદ્યાર્થીઓ આવતીકાલનું ભવિષ્ય છે અને આપણે અભ્યાસ કરતા જરૂરિયાતમંદ બાળકોને કઈ રીતે મદદરૂપ બની શકાય તેનું ચિંતન કરી બાળકો ઉચ્ચશિક્ષણ મેળવી ઉત્સાહભેર પ્રગતિ કરે એવી શુભેચ્છાઓ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પાઠવવામાં આવી હતી. નોટબુક વિતરણ કાર્યક્રમમાં ટ્રસ્ટ પ્રમુખ જીવણ સોલંકી, હેમંત સોલંકી,મનીષ ભારત, હાર્દિક રાણા,રાહુલ મારું, દીપક સોસા, ગૌતમ મારૂ અગ્રણીઓ અને ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહયા હતા. બીલીમોરા વિસ્તારમાં મહામાયા મેલડી માતા ટ્રસ્ટની વિવિધ સેવાકીય પ્રવૃતિઓની ભારે પ્રશંસા કરવામાં આવી રહી છે.

આ ભગીરથ કાર્યમાં સહયોગ આપનાર દાતાઓનો આભાર વ્યક્ત કરાયો હતો. વાલી વિધાર્થીઓ એ નોટબુક મેળવી રાહત અનુભવી હતી.

## ડાંગ જિલ્લામાં ડ્રોન ઉડાડવા ઉપર પ્રતિબંધ

**આહવા, તા. ૧૩ :** સાપ્રત પરિસ્થિતિને ધ્યાને લેતા ડાંગ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સુપેરે જળવાઈ રહે તે માટે, આગામી તા. ૨૬/૬/૨૦૨૫ સુધી જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે ડ્રોન ઉડાડવા તથા મોટા અવાજના ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ ફરમાવાયો છે. આ જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા માટે હેડ કોન્સટેબલથી નાયબ પોલીસ અધિક્ષક સુધીના અધિકારીઓને અધિકૃત કરાયા છે.

## હાડોળમાં ટ્રેકટર ટ્રોલી ચાલકે અડફેટે લેતા બાળકનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૧૫ :** ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકાનાં હાડોળ ગામ ખાતે ટ્રેકટર ટ્રોલી ચાલકે ટ્રેકટરને પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી એક બાળકને અડફેટે લેતા ઘટના સ્થળે ગંભીર અક્સ્માત સર્જાયો હતો.જેમાં બાળકનું સારવાર દરમિયાન મોત નિપજ્યુ હતુ. અહી ટ્રેકટરનાં અડફેટનાં પગલે બાળકને માથાના ભાગે ગંભીર ઈજા પોહચી હતી. જેથી તાત્કાલિક સારવારનાં અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે બાળકને નજીકનાં સુબીર સરકારી દવાખાનામાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ સુરત ખાતે સારવાર દરમિયાન બાળકનું મોત નિપજ્યુ હતુ.

હાલમાં આ બનાવને લઈને સુબીર પોલીસની ટીમે અક્સ્માત અંગેનો ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

# નાંદરખામાં ૪ વર્ષ પહેલાં ઘર ત્યજી જનારા યુવકને પોલીસ બિહારથી શોધી લાવી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૫ :** બીલીમોરા નજીક નાંદરખા ગામના ઘાંચીવાડથી ચાર વર્ષ અગાઉ ગુમ યુવાનને પોલીસ શનિવારે બિહાર ના અંતરીયાળ વિસ્તારમાંથી શોધી લાવી હતી. પરીવાર સુખદ મિલન સાથે ભાવવિભોર બન્યો હતો.

બીલીમોરા નજીક નાંદરખા ગામના ઘાંચીવાડ ફળીયામાં રહેતો અને વ્યારા દક્ષિણ ગુજરાત વીજ કંપનીમાં વિદ્યુત સહાયક તરીકે રૂ.૨૩ હજારની નોકરી કરતો યોગેશ ઈશ્વરભાઈ પટેલ (૩૪) ને માતા પિતાની વાત નું માઠું લાગી જતા ચાર વર્ષ અગાઉ ૨૦૨૧ માં ઘર છોડી ગયો હતો. પરીવાર જનો એ અનેક સ્થળે શોધખોળ આદરી પરંતુ તેની કોઈ ભાળ મળી ન હતી. આખરે સ્થાનિક બીલીમોરા પોલીસ માં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે યુવાનના જે તે સમયના સોશિયલ મીડિયાના ફેસબૂક, ઈન્સ્ટાગ્રામ ની તપાસ બાદ મિત્રોની પૂછપરછ કરી હતી. આધુનિક ટેકનોલોજીની મદદ થી બિહારના વોટર લિસ્ટ, બેંક એકાઉન્ટ જેવી ઓનલાઇન તપાસ બાદ યુવાન નાં લોકેશન ની ખાતરી કરી હતી. અને બીલીમોરા પોલીસ ની ટીમ બિહાર ના ચંપારણ જિલ્લા ના મોતીહારી સ્થિત અંતરીયાળ વિસ્તારમાં પહોંચી હતી. જ્યાં આ યુવાન રૂ.૭ હજાર ના પગારે પોલ્ટ્રી ફાર્મ માં કામ કરતો મળી આવ્યો હતો. પોલીસ સેવા સુરક્ષા શાંતિ ના સૂત્રને સાર્થક કરી યુવાન ને સમજાવી બીલીમોરા લઈ આવી હતી. જ્યાં પરિજનોએ ૪ વર્ષ બાદ એકાએક યોગેશને નજર સમક્ષ જોતા ભાવુક બન્યા હતા અને ભાવવિભોર દ્રશ્યો સર્જાયા હતા. ખુશીના આંસુ છલકાઈ ઉઠ્યા હતા. બીલીમોરા પીઆઈ જયદીપસિંહ ચાવડા અને ટીમ ની મહેનત રંગ લાવી હતી.

## દમણ રેડિયો

**102.3 FM**

સોમવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૬.૫૫ સંસ્કૃતમાં સમાચાર અને ૭.૦૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરાથી), ૭.૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ શ્રી રામ ચરીત માણસ ગાન, ૭.૧૫ સુગમ સંગીત અને વાર્તાલાપ (દમણથી), ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૮.૩૦ - શ્રવણ માધુરી (દમણથી), ૯.૦૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો, ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- (અમદાવાદ-વડોદરા પરથી કાર્યક્રમો), ૦૧.૦૦ વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** (દમણથી)૫.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો, ૬.૫૫ પ્રાદેશિક સમાચાર, ૭.૧૦ - હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ - દમણથી કિસાનવાણી, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - સમાચાર સંધ્યા દિલ્હીથી, ૮.૩૦ વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો, ૧૧.૦૦ હિન્દી સમાચાર ૧૧.૧૦ અંગ્રેજી સમાચાર (દિલ્હીથી) ૧૧.૨૦ સભા સમાપન

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૧૬-૦૬-૨૦૨૫, **વારઃ** સોમવાર **તિથિ :** પાંચમ **વિક્રમ સંવતઃ** ૨૦૮૧ **સૂર્ય ઉદયઃ** ૦૫:૫૫ **સૂર્ય અસ્ત :** ૧૯:૨૧ **ચંદ્રરાશિઃ** મકર

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજે અમુક મુદ્દાઓ પર બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો.

**વૃષભ(બ.વ.ઉ) :** આજના દિવસે લાગણીની દ્દષ્ટિએ તમે ખૂબ જ નિર્બળ હશો-આથી તમને ઠેસ પહોંચે એવી પરિસ્થિતિથી તમે દૂર જ રહેજો.

**મિથુન(ક.છ.ઘ) :** આજે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે.

**કર્ક(ડ.હ) :** આજે તમારું કોઈ નજીકી જોડે ઝગડો થયી શકે છે અને વાત કોર્ટ કચેરી સુધી જયી શકે છે.

**સિંહ(મ.ટ.) :** એક કરતાં વધારે નર્વસબ્રેકડાઉન તમારી પ્રતિકાર તથા વિચારવાની શક્તિને હાનિ પહોંચાડી શકે છે.

**કન્યા(પ.ઠ.ણ.) :** આજે તમારી પાસે સારો એઅવો સમય હશે આથી,તમારા સારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ.

**તુલા (ર.ત.) :** જો તમે ધૂમ્રપાન ની ટેવ હોયતો છોડો કેમ કે એનાથી તમે શારીરિક રીતેસ્વસ્થ રહેશો. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો.

**વૃશ્ચિક(ન.ય.) :** આજે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. કમિશન, ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો.

**મકર(જ.ખ) :** આજે કોઈક તમને બલિનો બકરો બનાવવાનો પ્રયાસ કરશે, આથી સચેત રહેજો.

**કુંભ(ગ.શ.સ.) :** આજના દિવસે તમારે તમારી હોશિયારીની કુનેહ તથા મુત્સદ્દીપણાનો ઉપયોગ તમારા મગજને પજવી રહેલી સમસ્યાઓ ઉકેલવા માટે કરવાની જરૂર છે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** આજે તમે કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો.

દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

# પારનેરામાં સર્વરોગ આયુર્વેદ અને હોમિયોપેથી નિદાન સારવાર કેમ્પ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૫ :** ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા પ્રેરિત, નિયામક શ્રી આયુષની કચેરી ગાંધીનગર દ્વારા સંચાલિત અને જિલ્લા આયુર્વેદ અધિકારી વલસાડના માર્ગદર્શન હેઠળ વિશ્વ યોગ દિવસની ઉજવણી ની પૂર્વ તૈયારી રૂપે યોગ સમાવેશે કાર્યક્રમ તથા ''સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત'' અભિયાન અંતર્ગત વલસાડ તાલકાના પારનેરા- ૦૨ સબ સેન્ટર ખાતે સર્વરોગ આયુર્વેદ અને હોમિયોપેથી નિદાન સારવાર કેમ્પ તેમજ યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને આયુર્વેદ અને હોમિયોપેથી અપનાવી સ્વસ્થ કઈ રીતે રહી શકાય તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત ડાયાબિટીસ અને ઉચ્ચ રક્તચાપ જેવા રોગોમાં યોગ અને પ્રાણાયામ કઈ રીતે લાભકારક છે તે અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. પતંજલિ યોગ સંસ્થાના યોગ પ્રશિક્ષક દક્ષાબેન રાઠોડ દ્વારા યોગ પ્રદર્શન કરી જનજાગૃતિ કેળવવામાં આવી હતી.

કેમ્પમાં ડાયાબિટીસ, હાયપરટેન્શન, ચામડીના રોગો, મહિલા સંબંધિત રોગ, પાચનના રોગો તેમજ અન્ય તમામ પ્રકારના રોગોની આયુર્વેદ અને હોમિયોપેથી ચિકિત્સા પદ્ધતિથી સારવાર આપવામાં આવી હતી સાથે જ નિઃશુલ્ક બ્લડ સુગર તપાસ પણ કરી આપવામાં આવી હતી જેનો ૧૫૦ થી વધુ લોકોએ લાભ લીધો હતો. આયુર્વેદ મેડિકલ ઓફિસર ડો.સ્વાતિ પંચાલ, ડો. દિવ્યા સોલંકી તેમજ હોમિયોપેથિક મેડિકલ ઓફિસર ડો. બિરજુભાઈ પટેલ અને ડો.અનિતાબેન બિરારી તેમજ સી એચ ઓ, આંગણવાડીના બહેનો, આશાવર્કર, હેલ્પર બહેનો તથા સેવકોએ કાર્યક્રમમાં ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

રોટરી ક્લબ ઓફ વાપી રિવર સાઈડ દ્વારા

# વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** વાપી નગર પંચાયત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત હાઈસ્કૂલમાં તારીખ ૧૧-૬-૨૦૨૫ ના રોજ રોટરી ક્લબ ઓફ વાપી રિવર સાઇડ દ્વારા વિદ્યાર્થીઓને નિઃશુલ્ક નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાના ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓને ૨૪૦૦ નોટબુકો વિતરણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં રોટરી ક્લબ ઓફ વાપી રિવર સાઈડના પ્રમુખ પરમેશ્વરભાઈ બંગ, પૂર્વ પ્રમુખ અમિતભાઈ અને નિલેશભાઈ, સભ્યો દિલીપભાઈ, મનીષભાઈ અને ભાવિનભાઈ ઉપસ્થિત રહ્યા હતા અને તેમના હસ્તે બાળકોને નોટબુકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય સુમીતરાજ રોહિત દ્વારા દાતાઓનું પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું હતું. કલબના પ્રમુખ અને પૂર્વ પ્રમુખએ પ્રસંગોચિત ઉદબોધન આપી બાળકોને ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ માટેની શુભકામનાઓ પાઠવી હતી. આચાર્યએ બાળકોના ભવિષ્ય ઘડતરમાં મદદરૂપ થનાર રોટરી ક્લબનો અંતઃકરણ પૂર્વક આભાર માન્યો હતો.

# દાનહમાં સુરક્ષા, આરોગ્ય અને ટ્રાફિક વ્યવસ્થા માટે નવા નિર્દેશો જાહેર કરાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૫ :** દાદરા અને નગર હવેલીના જિલ્લા પ્રશાસન દ્વારા ૧૫ જૂનથી અમલમાં આવનારા નિયમિત જાહેર સુરક્ષા અને વ્યવસ્થાથી સંબંધિત અનેક મહત્વપૂર્ણ આદેશો જાહેર કરવામાં આવ્યા છે. જિલ્લા દંડાધિકારી પ્રિયંક કિશોર દ્વારા જારી કરાયેલા આદેશ મુજબ હવે તમામ ઉદ્યોગો અને કોન્ટ્રાક્ટરોને પોતાના તમામ કામદારોને ઓળખપત્ર આપવું ફરજિયાત રહેશે. આ સાથે તમામ સરકારી તથા ખાનગી શૈક્ષણિક સંસ્થાઓના ૧૦૦ મીટર પરિસરમાં તમાકૂ, બીડી, સિગારેટ, ગુટખા જેવી વસ્તુઓની વેચાણ, સંગ્રહ અને વપરાશ પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ આદેશનું ઉલ્લંઘન કરનારા સામે ૩૦૦ થી ૨૦૦૦ સુધીનો દંડ અને ગુટખું ચબાવનાર કે થૂંકનાર સામે પણ ૫૦૦ થી ૧૦૦૦ સુધીનો દંડ લગાવવામાં આવશે. જાહેર ટ્રાફિકને અવિઘ્નિત રાખવા માટે જિલ્લાના મુખ્ય ત્રિચોરાસ્થળો જેમકે શહીદ ચોક (સિલવાસા-નરોળી ચાર રસ્તો), ઝંડા ચોક અને કિલવાણી નાકા તથા જિલ્લા સચિવાલયથી ૧૦૦ મીટર વિસ્તારના ઘેરાવમાં કોઈપણ પ્રકારના સભા, ધરણા કે જાહેર ભેગા કરવા માટે જિલ્લા દંડાધિકારીની પૂર્વ મંજૂરી લેવી જરૂરી રહેશે.

આ તમામ આદેશોનો ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ ૨૨૩ અંતર્ગત કાયદેસર કાર્યવાહી થશે.

લાયન્સ કલબ ઓફ વાપી દ્વારા રકતદાન દિવસે

# દાદરાની પ્રેમકો ગ્લોબલ કંપનીમાં રકતદાન કેમ્પ યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૫ :** દાનહના દાદરામાં રકતદાન દિવસે લાયન્સ કલબ ઓફ વાપી દ્વારા પ્રેમકો ગ્લોબ લીમીટેડ કંપનીમાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં ૪૨ યુનીટ રક્ત એકત્રીત કરાયું હતું. લાયન્સ કલબ ઓફ વાપી ના સભ્યો ના સંયુક્ત સહયોગથી ગીફટ તથા સર્ટીફીકેટ આપી સન્માનીત કર્યા હતા. લાયન્સ કલબ ઓફ વાપીના પ્રમુખ એડવોકેટ મહિમા યાદવે પેમકો ગ્લોબલ કંપની ના જનરલ મેનેજર તથા રક્તદાતાઓને રક્તદાન કરવા બદલ શુભેચ્છાઓ પાઠવી હતી.

આ કેમ્પમાં કંપનીના જનરલ મેનેજર સંજય જાધવ લાયન્સ કલબ ઓફ વાપીના પ્રમુખ મહિમા યાદવ, જ્યોતિ જાડેજા, ઝોન ચેરમેન પ્રોજેક્ટ ચેરમેન શરદભાઈ ચિતોડકર, સીનીયર સભ્ય કનુભાઈ પટેલ(દરબાર), શિવજી ગીરીભાઈ ૨૦૨૫-૨૬ ના વર્ષના પ્રમુખ વિશાલ પટેલ, પી. એ. પટેલ, ડો. અક્ષય પટેલ તથા તેમની ટીમ તથા પ્રેમકો ગ્લોબલ લીમી. કંપનીનો સ્ટાફ હાજર રહી આ કેમ્પ ને સફળ બનાવ્યો હતો. અંતે પ્રોજેક્ટ ચેરમેન લા. શરદભાઈ ચિતોડકરે પ્રેમકો ગ્લોબલ લીમી. ના રક્તદાતાઓનો તથા કંપનીનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ઉમરગામની એમ.એમ. હાઈ.માં જી.એસ. અને એલ.આર.ની ચૂંટણી યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૫ :** ઉમરગામ એજ્યુકેશન સોસાયટી સંચાલિત એમ.એમ. હાઈસ્કૂલ, ઉમરગામ ખાતે તા. ૧૪-૦૬-૨૦૨૫ના રોજ શાળા પંચાયત અંતર્ગત વિદ્યાર્થી પ્રતિનિધિત્વ માટે G.S. (જનરલ સેક્રેટરી) અને L.R. (લેડી રિપ્રેઝેન્ટેટિવ) ની લોકશાહી પદ્ધતિ દ્વારા ચૂંટણી યોજાઈ હતી.

આ મહત્વપૂર્ણ કાર્યક્રમનું આયોજન શાળાનાં પ્રમુખ, માનનીય મંત્રી તથા માનનીય ખજાનચીશ્રીની પ્રેરણાથી, આચાર્ય અલ્પેશકુમાર પટેલ અને સહ આચાર્ય જેસલબેન શાહના સુદૃઢ માર્ગદર્શન હેઠળ સુસંગત રીતે સંપન્ન કરવામાં આવ્યું હતું.

ઉક્ત પ્રસંગે ઉમરગામના માનનીય મામલતદાર ડી.સી. બ્રાહ્મણકાચ્છ, નાયબ મામલતદાર ધર્મેન્દ્ર નંદાનિયા તથા ભિલાડ ITI કૉલેજના આચાર્ય ગિરિશભાઈ લાડ વિશિષ્ટ મહેમાન તરીકે ઉપસ્થિત રહી, વિદ્યાર્થીઓને લોકશાહી પ્રત્યે જાગૃત બનાવવાની પ્રવૃત્તિમાં સહભાગી બન્યા હતા.

શાળાનાં વિશાળ પટાંગણમાં સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન મતદાન પ્રક્રિયા યોજાઈ હતી ત્યારબાદ મામલતદાર ડી.સી. બ્રાહ્મણકાચ્છએ મતદાન પદ્ધતિનું મહત્ત્વ સમજાવતું પ્રેરણાદાયી ઉદ્બોધન આપીને, વિદ્યાર્થીઓને લોકશાહી પદ્ધતિ અનુસાર યોગ્ય પ્રતિનિધિની પસંદગી કરવા માટે પ્રેર્યા હતા. તેમણે જણાવ્યું કે, આવી પ્રક્રિયાઓ દ્વારા વિદ્યાર્થીઓનો લોકશાહી પ્રત્યેનો આત્મવિશ્વાસ વધુ મજબૂત બને છે અને તેઓ ભવિષ્યમાં એક જાગૃત મતદાર તરીકે પોતાનું યોગદાન આપી શકે તેવા ગુણો વિકસે છે.આ લોકશાહી ઉપક્રમની સફળતા માટે શાળાના તમામ શિક્ષકવૃંદે ઉત્સાહપૂર્વક સહકાર આપ્યો હતો. કુલ ૯ ઉમેદવારોએ ચૂંટણીમાં ભાગ લીધો હતો અને સવારે ૧૧઼૩૦ કલાકે મતગણતરી પૂર્ણ થયા બાદ પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું, જેમાં તુષાર અહીરવાલ - જનરલ સેક્રેટરી (ઞ.૯.) તરીકે પસંદગી, દર્શના નાખુવા - લેડી રિપ્રેઝેન્ટેટિવ (L.R.) તરીકે પસંદગી થઈ હતી. આવી લોકશાહી પ્રણાલીને શાળામાં પણ સ્થાન આપીને વિદ્યાર્થીજીવનની શરૂઆતથી જ જવાબદાર નાગરિક તરીકે તૈયાર કરવાનો સુંદર પ્રયત્ન શાળા દ્વારા કરવામાં આવેલ છે.

વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા મૃતકોની આત્માને શાંતિ માટે

# પારડી સિવિલ કોર્ટમાં શોકસભા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૫ :** રાજ્યના અમદાવાદમાં તાજેતરમાં સર્જાયેલી વિમાન દુર્ઘટનામાં અચાનક મુસાફરોએ જીવ ગુમાવ્યો જે ઘટનાને લઈને સમગ્ર રાજ્યમાં શોક છવાઈ ગયો છે ત્યારે પારડી સિવિલ કોર્ટમાં તમામ વકીલો જજ અને કોર્ટ સ્ટાફના કર્મચારીઓએ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા મૃતકોની આત્માને શાંતિ મળે એવા હેતુથી શોક સભા યોજી ખૂબ જ દુઃખ પુર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી તમામ વકીલો જજ અને અદાલતના સ્ટાફ કર્મચારીઓએ મોન પાડી અકસ્માતમાં ભોગ બનેલા તમામ મૃતકોની આત્માને પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ આપે અને ફરીથી આવી દુર્ઘટના સર્જાય એવી પ્રાર્થના કરવામાં આવી હતી આમ તમામ આત્માને શાંતિ મળે તે માટે ભાવભીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

# સેલવાસમાં 'વર્લ્ડ બ્લડ ડોનર ડે' નિમિત્તે ૨૦૩ યુનિટ રકત એકત્ર કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૫ :** નમો મેડિકલ હોસ્પિટલ અને ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, સેલવાસા દ્વારા વર્લ્ડ બ્લડ ડોનર ડે નિમિતે આયોજિત રક્તદાન કેમ્પમાં લોકોનો ઉમટેલો પ્રતિસાદ મળ્યો હતો. શુક્રવારે યોજાયેલા આ કેમ્પમાં કુલ ૨૦૩ યુનિટ રક્ત એકત્ર કરાયું હતું, જે લોકોને જીવ બચાવા માટે વિશાળ સહાયરૂપ સાબિત થશે.

આ કાર્યક્રમમાં શહેરના વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓ, ભાજપા યુવમોર્ચા ટીમના કાર્યકરો તેમજ પોલીસ વિભાગના કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કેમ્પના સ્થળે વહેલી સવારે ડોનાર બનવા માટે લોકોએ લાંબી કતારો લગાડી હતી. દરેક યુવાનના ચહેરા પર માનવસેવાનો ઝળહળતો ભાવ જોવા મળ્યો હતો.

ડૉ. રાજેશ શાહ (રેડક્રોસ)એ જણાવ્યું હતુ કે, કોરોના મહામારી બાદ પણ બ્લડ બેન્કમાં સતત રક્તની માંગ રહે છે. તેમણે પલળ જનતાને અપીલ કરી હતી કે તેઓ નિયમિત રક્તદાન કરે અને સાથે અન્ય લોકોને પણ રક્તદાન માટે પ્રેરિત કરે. આ કેમ્પે ફરી એકવાર સાબિત કર્યું કે, દાદરા નગર હવેલીની જનતા જરૂર સમયે હંમેશાં આગળ આવતી રહી છે અને માનવસેવામાં ક્યારેય પડતી નથી.

ઈન્ડિયા એટ-૨૦૩૦ : ઈન્ડસ્ટ્રીયલ ગ્રોથ, કેપિટલ માર્કેટસ, ઈન્વેસ્ટમેન્ટ અંગે

# વાપી વીઆઈએ દ્વારા ટોક શો યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (સ્ત્ખ) દ્વારા વાપીના ઉદ્યોગકારો અને અન્ય વ્યવસાયિક સંસ્થાના સભ્યો માટે "India @ 2030 : Industrial Growth, Capital Markets, Investment Strategy" વિષય ઉપર એક ટોક શો નું આયોજન કરવામાં આવ્યું હતું. જેના પ્રમુખ વક્તા રૂપે વ્યાપાર અને રોકાણ જગતનાં જાણીતા અને ચોક્સી ફિનસર્વ પ્રા. લિ. ના મેનેજીંગ ડાયરેક્ટર દેવેન ચોક્સી હાજર રહ્યા હતા. આ ટોક શો દરમ્યાન દેવેન ચોક્સી દ્વારા ખુબ જ સરળ ભાષામાં ઉપસ્થિત શ્રોતાઓને આવનાર દિવસોમાં ઉદ્યોગ જગતની વિશાળ પ્રગતિની સંભાવના ઉપર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કેટલાક ઉદાહરણોની મદદથી તેમણે આવનાર કેટલાક વર્ષો સુધી ઈન્ડસ્ટ્રીઝ સેક્ટરનો ગ્રોથ, લોજિસ્ટિક સેક્ટરમાં ગ્રોથ, ડિજિટલ કરન્સી, આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્ટ્સ, ટેક્નોલોજી ડ્રિવન કંપની જેવા તમામ સેકટરોમાં પ્રચંડ પ્રગતિની સંભાવના વ્યક્ત કરી હતી.

સાથે સાથે એમણે એમના પોતાના જીવનમાં કરેલા રોકાણ અને તેના માટે કરેલ અભ્યાસનું પણ વર્ણન કર્યું હતું, જેમાં તેમને ભૂતકાળમાં ઘણો બધો ફાયદો થયો હતો અને હાલમાં પણ થઈ રહ્યો છે. જેમાં તેમણે ઉપસ્થિત મિત્રોને પણ કોઈ પણ ઉદ્યોગમાં રોકાણ કરતાં પહેલા તેની કાર્યશૈલી તેમજ આર્થિક હિસ્સાનો અભ્યાસ કરવાની સલાહ આપી હતી, કે જેની મદદથી એમણે પોતે પણ એમના જીવનમાં સફળતા મેળવી છે. એમનો આ ટોક શો શ્રોતાગણ સાથે સરળતાથી જોડાવાના એમના સ્વભાવને કારણે સફળ રહ્યો હતો અને જેનો ઉપસ્થિત મિત્રોને પણ ઘણો લાભ મળ્યો હતો. આ ટોક શો માં VIA ના માનદ મંત્રી કલ્પેશભાઈ વોરા, ખજાનચી રાજુલભાઈ શાહ અને સહ માનદ મંત્રી ચંદ્રેશભાઈ મારુ, VIA ના એક્ઝિક્યુટિવ કમિટી મેમ્બર્સ એવા સુરેશ પટેલ, કૌશિક પટેલ, હેમાંગ નાયક, રાજીવ મુન્દ્રા ઉપરાંત ઈન્ડિયન ચાર્ટર્ડ એકાઉન્ટ ઈન્સ્ટિટ્યૂટના વાપી ચેપ્ટરના સભ્યો અને ઈન્વેસ્ટમેન્ટ જગતના વાપીના કન્સલ્ટન્ટ મળી મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# વાપીની પ્રા. શાળાઓમાં સ્કુલ બેગોનું વિતરણ કરાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** વાપી ના સમાજ સેવક દ્વારા સરકારી શાળા નું નવું છાત્ર ચાલુ થયા ને ધ્યાન માં રાખી દર વર્ષની જેમ આ વર્ષે પણ વાપીના અલગ અલગ વિસ્તારોમાં આવેલ સરકારી શાળા માં અભ્યાસ કરતા બાળકો ને સ્કૂલ બેગોની વિતરણ કરવામાં આવ્યું હતું.

આગામી દિવસોમાં ચોમાસામાં વરસાદનું આગમન થવાની તૈયારીને લઈને ધ્યાનમાં રાખી વાપીની તેમજ આજુબાજુના વિસ્તારમાં આવેલ સરકારી સ્કૂલોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના નોટો ચોપડા વરસાદના પાણી ભીંજાઈના જાય એ માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ છેલ્લા ૫ દિવસથી વાપીના સમાજ સેવકે લગભગ ૬૮૦ સ્કૂલ બેગોની વાપીના અલગ અલગ વિસ્તરોમાં સ્કૂલ બેગોનું વિતરણ કર્યું હતું.

ગત દિવસોમાં આપણે સૌએ જોયું કે સમાજ સેવક કિરણ રાવલ દ્વારા વાપીના અલગ અલગ વિસ્તારમાં લગભગ ૧૩૦૦૦ જેટલી નોટબુકોનું પણ કરવામાં આવ્યું હતુ આમ સમાજ સેવકની છેલ્લા ૮ વર્ષ થી કરવામાં આવતી દરેક સમાજ સેવાઓથી વાપીની જનતાને તેમજ વિદ્યાર્થીઓને ખૂબ જ આશીર્વાદ રૂપ નીવડે છે.

# દમણમાં ડેન્ગ્યુ અને મેલેરિયા નાબુદી માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૫ :** રોગોનું નિવારણ માત્ર સારવાર દ્વારા જ નહીં પરંતુ જાગૃતિ, ભાગીદારી અને સહિયારી જવાબદારી દ્વારા પણ શક્ય છે. આને ધ્યાનમાં રાખીને, તબીબી અને જાહેર આરોગ્ય વિભાગે સોમનાથના ડી.આઈ.એ.હોલ ખાતે વેક્ટરજન્ય રોગો, ખાસ કરીને ડેન્ગ્યુ અને મેલેરિયા નિવારણ અંગે તાલીમ-સહ-જાગૃતિ મીટનું આયોજન કર્યું હતું. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય ઔદ્યોગિક એકમોમાં કાર્યરત નોડલ અધિકારીઓને તાલીમ આપવાનો હતો જેથી તેઓ તેમની સંસ્થાઓમાં ડેન્ગ્યુ અને મેલેરિયા નિવારણમાં આગેવાની લઈ શકે અને સક્રિય સહભાગી બની શકે. કેન્દ્રશાસિત પ્રદેશના વિવિધ ઔદ્યોગિક એકમોના નોડલ અધિકારીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. મચ્છરોના વિવિધ લાર્વા તબક્કાઓ, મચ્છરોના પ્રજનન સ્થળો, લાર્વાશાય દવાઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, સલામતી સાધનો, જળ સંસાધન વ્યવસ્થાપન અને મચ્છરજન્ય રોગોને રોકવા માટે સ્થાનિક સ્તરે અપનાવવાનાં પગલાં અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

મુસ્કાન ગ્રુપ દ્વારા ટીબી મુક્ત ભારત અંતર્ગત

# વાપી પંથકની ૧૦૦ સગર્ભા મહિલાઓને દત્તક લેવાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** વાપીમાં મિશન ટીબી મુક્ત ભારત હેઠળ, આજે મુસ્કાન ટીમે વાપી અને નજીકના વિસ્તારોમાંથી ૧૦૦ સગર્ભા મહિલાઓને દત્તક લીધી જેઓ ટીબીથી પીડિત છે. અને તમામને પૌષ્ટિક રાશન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ તમામ મહિલાઓ ટીબીના ઉચ્ચ જોખમી દર્દીઓ છે. જેનું વજન ૪૦ કિલોથી નીચે છે. અને તે બધાને પૌષ્ટિક ખોરાકની સખત જરૂર છે. મુસ્કાન ટીમ દરેકને વિનંતી કરે છે કે જો સક્ષમ નાગરિક એક સગર્ભા સ્ત્રીને દત્તક લેશે તો તે સ્વસ્થ બાળકને જન્મ આપી શકશે. ૧૧૪ સગર્ભા સ્ત્રીઓ છે જેઓ ટીબીના ઉચ્ચ જોખમવાળા દર્દીઓ છે. આ પ્રસંગે THO ડોક્ટર માણિક, TB કોઓર્ડિનેટર હેમંત ભાઈ, સંજયભાઈ અને તમામ આશાવર્કરો અમારી સાથે હાજર રહ્યા હતા.

# વલસાડ જિલ્લાના ખેડૂતોએ વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન સમારોહમાં લાભ લીધો



**(દમણગંગા ટાઈમ્સ)**

**વલસાડ, તા. ૧૫ :** સુરત જિલ્લાના બારડોલી ખાતે આયોજિત વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનના સમાપન સમારોહમાં વલસાડ જિલ્લાના આત્મા પ્રોજેક્ટ દ્વારા જિલ્લાના ૩૦૦ ખેડૂતોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણ તેમજ રાજયના કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં વલસાડ જિલ્લાના દરેક તાલુકાના ૫૦ ખેડૂત ભાઈઓ અને બહેનો મળી કુલ ૩૦૦ ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં પ્રાકૃતિક ખેતીના મહત્વ વિશે પણ ખેડૂતોએ આત્મા પ્રોજેક્ટના અધિકારીઓ પાસેથી માર્ગદર્શન મેળવ્યું હતું.



# ભારતને ટ્રમ્પ પર ભરોસો છે ?

## ભારતમાં પાકિસ્તાની આતંકી હુમલા પછી ટ્રમ્પસાહેબે ગુલાંટ મારી છ જૂને કહ્યું - પાકિસ્તાનની નેતાગીરી મજબૂત હાથમાં છે - એમ હું કહું છું તે કોઈને ગમતું નથી - તો ભલે ગમે નહીં, પણ પાકિસ્તાનની નેતાગીરી મજબૂત છે જ

**વિશ્લેષણ**

**કુન્દન વ્યાસ**

ભારતને ટ્રમ્પનો ભરોસો છે ? (વેધર ઈન્ડિયા ટ્રસ્ટ્સ ટ્રમ્પ ?) આ પ્રશ્ન આપણા વિદેશપ્રધાન એસ. જયશંકરને યુરોપમાં પૂછવામાં આવ્યો, ત્યારે એમણે જવાબ આપ્યોં આતંકી હુમલાના મામલામાં પાકિસ્તાનને ટ્રમ્પ શાસન દ્વારા અપાતાં સમર્થન અંગે મતભેદ હોવા છતાં અમેરિકા સાથે ગાઢ સંબંધ રાખવા માગે છે, કારણ કે તેમાં ભારતનું હિત છે. અમારી નીતિ - અમારા દેશ ભારતનાં હિતમાં હોય તેની સાથે સંબંધ જાળવવાની, સુધારવાની છે. અમેરિકા સાથેના અમારા સંબંધ ઘણાં મહત્ત્વના છે - અહીં વ્યક્તિના સંબંધની વાત નથી. વિદેશપ્રધાન જયશંકરને પહેલગામના હત્યાકાંડ અને ઓપરેશન સિંદૂર વિશે પૂછવામાં આવ્યું, ત્યારે એમણે જવાબમાં એટલું જ કહ્યું કે ઓસામા બિન લાદેનને પાકિસ્તાનનાં લશ્કરી શહેર નજીક સલામતી અને આશ્રય કેમ મળ્યો હતો ? દુનિયામાં સૌએ સમજવું પડશે કે આ આતંકવાદનો પ્રશ્ન છે, માત્ર ભારત - પાકિસ્તાનનો નહીં અને આખરે આતંકનું ભૂત તમારા ઉપર પણ આવશે... રશિયા સાથેના ભારતના સંબંધ વિષે પૂછવામાં આવ્યું ત્યારે એમણે જવાબ આપ્યો - દરેક દેશ પોતાના અનુભવથી સંબંધ નક્કી કરે છે. ઈતિહાસ અને અનુભવ... ચીન સાથેના સંબંધ વિશે એમણે કહ્યું ઘણી યુરોપિયન કંપનીઓ માત્ર (ચીનની) કાર્યક્ષમતા નહીં, સલામતી અને વિશ્વસનીયતાને મહત્ત્વ આપે છે ! ભારત અને અમેરિકાના સંબંધ - મૈત્રીને ટ્રમ્પે વ્યૂહાત્મક ભાગીદારી કહી છે અને સંબંધ હંમેશાં ગાઢ રહેશે એમ કહ્યું છે, પણ પહેલગામના હત્યાકાંડ પછી આતંકના પ્રશ્ને કેમ ચૂપ રહ્યા ? અને ઓપરેશન સિંદૂર વખતે પાકિસ્તાનના હાલહવાલ જોઈને યુદ્ધવિરામની તરફેણ કેમ કરી ? હકીકત એવી છે કે પાકિસ્તાનમાં નૂરખાન વિમાનમથક અમેરિકા હસ્તક છે અને ભારતનો હુમલો ત્યાં સુધી પહોંચ્યો, તેથી ટ્રમ્પ ચોંકી ઊઠયા - પાકિસ્તાનને સલાહ આપી - ભારતને કહો યુદ્ધ બંધ કરો અને ભારતે સ્વીકાર કર્યા પછી ટ્રમ્પસાહેબ કહે છે - મારા કહેવાથી યુદ્ધવિરામ થયો અને આપણા રાહુલ ગાંધી કહે છે મોદી અમેરિકા સામે ઘૂંટણિયે પડયા ! આ દરમિયાન ટ્રમ્પના પાકિસ્તાન પ્રેમની માહિતી બહાર આવી છે. ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ પ્રથમ વખત બન્યા ત્યારે વર્ષ ૨૦૧૮માં પાકિસ્તાનને દુશ્મન નંબર વન ગણાવીને કહ્યું હતું અમેરિકાએ છેલ્લાં પંદર વર્ષમાં પાકિસ્તાનને ૩૩ બિલિયન ડોલરની મદદ કરી, તેના બદલામાં આપણને જુઠ્ઠાણાં અને દગો - નમકહરામી જ મળી છે - આપણા નેતાઓને મૂરખ માન્યા અથવા બનાવ્યા છે ! જે આપણે અફઘાનિસ્તાનમાં શોધી રહ્યા હતા, તે આતંકવાદીઓને પાકિસ્તાને સલામત સ્વર્ગમાં આશ્રય આપ્યો હતો. હવે કોઈ મદદ નહીં મળે. આ પછી ટ્રમ્પે પાકિસ્તાનને મળનારી ૧.૩ બિલિયન ડોલરની મદદને બ્રેક મારી સસ્પેન્ડ કરી હતી. આતંકી અડ્ડાઓને ખતમ કરવામાં નાકામિયાબ નીવડયા હોવાનું જણાવાયું હતું. આ ઈતિહાસ હવે ભુલાઈ ગયો છે.

ભારતમાં પાકિસ્તાની આતંકી હુમલા પછી ટ્રમ્પસાહેબે ગુલાંટ મારી છ જૂને કહ્યું - પાકિસ્તાનની નેતાગીરી મજબૂત હાથમાં છે - એમ હું કહું છું તે કોઈને ગમતું નથી - તો ભલે ગમે નહીં, પણ પાકિસ્તાનની નેતાગીરી મજબૂત છે જ. પાકિસ્તાની ફિલ્ડ માર્શલ અસીમ મુનીરે ફિલ્ડ માર્શલનું પદ ઝૂંટવીને લીધા પછી ટ્રમ્પને સાચા ઠેરવ્યા છે. હવે અમેરિકી સેનાના વડા જનરલ માઈકલ કુરીલાએ અમેરિકી સેનાના ૨૫૦મા વાર્ષિક દિવસની પરેડમાં વિશેષ અતિથિ બનાવ્યા છે ! પાકિસ્તાન એક અસાધારણ સાથી દેશ છે અને આતંકવાદ સામેના જંગમાં ઘણો ઉપયોગી છે એમ કહીને બિરદાવ્યા છે ! અમેરિકામાં આ પરિવર્તન છેલ્લા પંદર દિવસમાં આવ્યું છે ! અને તે લાવવામાં ટેક્સાસના એક બિઝનેસમેને ઘણો ભાગ ભજવ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પના જૂના મિત્ર મિ. બીચ ટ્રમ્પની બીજી ટર્મ શરૂ થતાં જ પાકિસ્તાન ગયેલાં અમેરિકી પ્રતિનિધિ મંડળના નેતા હતા. પાકિસ્તાનમાં અમેરિકાનાં જંગી મૂડીરોકાણ માટે ખનિજ ક્ષેત્ર, ટેક્નોલોજી, રિયલ એસ્ટેટ, ઊર્જા ક્ષેત્રની પસંદગી થઈ હતી. ગોલ્ડ અને અન્ય કિંમતી ખનિજ સંશોધનમાં અમેરિકાની સહાયની સમજૂતી થઈ હતી. આ પછી બીચે વોશિંગ્ટનમાં પાકિસ્તાન માટે ભારે લોબિંગ શરૂ કર્યું અને કહ્યું- પાકિસ્તાન તો અદ્ભુત દેશ છે ! અને અમેરિકા માટે ઘણો ભોગ આપ્યો છે ! આ પરિવર્તન જોયા પછી ટ્રમ્પ પર ભરોસો છે એવો પ્રશ્ન પૂછાય તે સ્વાભાવિક છે. ધરતી ઉપરનાં સ્વર્ગ ગણાતાં અમેરિકામાં વસવાટ કરનારા માટે ટ્રમ્પે ગોલ્ડ કાર્ડની ઓફર કરી છે. પચાસ લાખ ડોલર ચૂકવો અને વસવાટ પછી નાગરિકત્વ મળવાનો માર્ગ ખૂલશે... આ ટ્રમ્પ ગોલ્ડ કાર્ડ લેવા માટે લોકોનો ધસારો થઈ રહ્યો છે એમ કહેવાય છે. પણ, ફરી પાછો એ જ પ્રશ્ન - ટ્રમ્પનો ભરોસો થાય ખરો ? ડોનાલ્ડ ટ્રમ્પની નિકટવર્તી બે એજન્સીને પાકિસ્તાને મોટી કિંમત આપીને રોકી છે અને ભારતવિરોધી -ચાર કરવા માટે ટ્રમ્પની એજન્સીઓ કામે લાગી ત્યારથી ટ્રમ્પ ભારત અને પાકિસ્તાનને સમાન દૃષ્ટિએ જોવા લાગ્યા છે ! અમેરિકા સાથે પાકિસ્તાનની લાંબા ગાળાની આર્થિક ભાગીદારી વધે, ખાનગી ક્ષેત્રમાં પણ લોબિંગ થાય તે માટે કરાર થયા છે. પાકિસ્તાનની ખનિજ સંપત્તિમાં અમેરિકી કંપનીઓને ભાગીદારી મળી શકશે. ભારત સાથે - મોદી સાથે સારા સંબંધ હોવા છતાં અમેરિકાને પાકિસ્તાનની ગરજ છે ! અમેરિકા ફર્સ્ટ હોય - તો આપણા માટે પણ ભારત ફર્સ્ટ છે, હોય જ. હવે અમેરિકી સેનાના વડા જનરલ માઈકલ કુરીલાએ ઘટસ્ફોટ કર્યો છે - અથવા ભાંડો ફોડયો છે ! અમેરિકી સંસદની સમિતિ સમક્ષ એમણે કહ્યું છે કે પાકિસ્તાની ફિલ્ડ માર્શલ જનરલ મુનીર કહ્યાગરા છે આઈસીસના ખોરાસન આતંકવાદી મોહમ્મદ શરીફુલ્લા - જેણે વર્ષ ૨૦૨૧માં કાબુલમાં ૧૩ અમેરિકી સૈનિક માર્યા હતા, તે પકડાયો છે અને તમે કહો ત્યારે તમને - અમેરિકાને સોંપવા તૈયાર છું -અમેરિકામાં સૌપ્રથમ આ સંદેશો મને મળ્યો હતો અને મુનીરે કહ્યું હતું કે તમે સંરક્ષણ પ્રધાન અને પ્રેસિડન્ટને જણાવી શકો છો. હવે આપણને ખબર પડે છે કે વાછરડો કયા ખિલ્લાનાં જોરે કૂદે છે ?! અમેરિકન જનરલ કહે છે કે પાકિસ્તાન સાથેના આપણા (અમેરિકાના) સંબંધ અસાધારણ - વિલક્ષણ છે. ભારત સાથે સારા સંબંધ હોય એટલે પાકિસ્તાન સાથે સંબંધ નહીં રાખવામાં આપણે માનતા નથી ! આપણે સંબંધમાં હિત જોવાં જોઈએ. અમેરિકાની ડિફેન્સ ઈન્ટલિજન્સ એજન્સીનો રિપોર્ટ છે કે ભારતનું મુખ્ય દુશ્મન તો ચીન છે - પાકિસ્તાન બાજુએ છે. પાકિસ્તાનને અસ્તિત્વનો ખતરો સામાન્ય ભારતથી છે અને તેથી અણુશત્રો ઉપર મદાર રાખે છે અને ચીન સાથે ગાઢ સંબંધ બાંધે છે, પણ ચીનને પાકિસ્તાનમાં પોતાનો માલ વેચવાની ચિંતા નથી, એશિયામાં પોતાની વ્યૂહાત્મક સ્થિતિ મજબૂત કરવા માગે છે ! વર્ષ ૨૦૦૫થી ૨૦૨૪ સુધીમાં પાકિસ્તાનનાં માથે ૬૮ બિલિયન ડોલરનું ચીની દેવું છે ! મહત્ત્વની વાત એ છે કે પાકિસ્તાન અમેરિકાને ખુશ રાખવા માટે આતંકવાદીઓને પકડીને સોંપવા તૈયાર છે. ઓપરેશન સિંદૂર દરમિયાન ગયા સપ્તાહે જ એક પાકિસ્તાની નાગરિકને પકડીને અમેરિકાભેગો કર્યો છે. ૨૦૨૪માં ન્યૂયોર્કના બ્રુકલીનમાં યહૂદીઓનાં કેન્દ્ર ઉપર હુમલો કરવાનો પ્લાન પકડાયો હતો. આમ, અમેરિકા માગે તે પાકિસ્તાની આતંકવાદીને પકડીને સોંપી શકાય, પણ ભારતના અપરાધીઓને રક્ષણ અપાય, તાલીમ અપાય ! અત્યારે ભલે અમેરિકા બિલાડાને પંપાળે, પણ તેને ખબર નથી કે મેરી બિલ્લી મુઝકો મ્યાંઉ કબ કરેગી ?!

# ઈન્દોરના સનસનાટીભર્યા કેસમાં જો પાત્રોની અદલાબદલી થઈ ગઈ હોત તો ?

## મીડિયા તો રાજાના ઘરની બહાર ધામા નાખતું, તેના પાત્ર પર શંકા ઉઠાવતું, અને તેના પરિવારને રંજાડતું થઈ ગયું હોત. રાજાને ગુનેગાર ગણીને મીડિયા ટ્રાયલ શરૂ થઈ ગયું હોત. અને દેશભરમાં સનસનાટી મચી ગઈ હોત !

**પૌરુષ**



**અંકિત દેસાઇ,**
ટુકવાડા

મધ્ય-દેશના ઈન્દોરના એક યુવાન રાજા રઘુવંશીએ પોતાની નવપરિણીત પત્ની સોનમ સાથે મેઘાલયમાં હનિમૂનનું આયોજન કર્યું. બંને નવદંપતીના ઉત્સાહ સાથે પૂર્વોત્તરના આ સુંદર રાજ્યમાં ગયા. શરૂઆતમાં બધું બરાબર ચાલતું હતું, પરંતુ એક અઠવાડિયા બાદ ખબર પડી કે રાજાની હત્યા થઈ છે અને સોનમ ગાયબ છે. આ ઘટનાએ સમાજ અને મીડિયામાં ચકચાર મચાવી દીધી. પરંતુ એક વાત આ?ર્યજનક હતીં એક અઠવાડિયા સુધી ન તો મીડિયામાં કે ન તો સમાજમાં એવી કોઈ થિયરી આવી કે સોનમ જીવતી હોઈ શકે અને તે જ હત્યારી હોઈ શકે. આખરે જ્યારે પોલીસે તપાસ કરી, ત્યારે જાણવા મળ્યું કે સોનમે જ રાજાની હત્યા કરી હતી અને તે ઉત્તરપ્રદેશ ભાગી ગઈ હતી. આ ઘટના એક ગંભીર પ્રશ્ન ઉભો કરે છેંં શું આપણા સમાજની માનસિકતા સ્ત્રી અને પુરુષ પ્રત્યે જુદા જુદા માપદંડો ધરાવે છે? જો આ જ ઘટનામાં પાત્રોની અદલાબદલી થઈ હોત—એટલે કે, સોનમની હત્યા થઈ હોત અને રાજા ગાયબ હોત—તો સમાજ અને મીડિયાની પ્રતિક્રિયા કેવી હોત? લગભગ નિશ્ચિત છે કે પહેલી જ મિનિટથી એવી ચર્ચા શરૂ થઈ ગઈ હોત કે રાજાએ જ હત્યા કરી હશે અને તે હત્યારો હોવાથી ભાગી ગયો છે. મીડિયા તો રાજાના ઘરની બહાર ધામા નાખતું, તેના પાત્ર પર શંકા ઉઠાવતું, અને તેના પરિવારને રંજાડતું થઈ ગયું હોત. રાજાને ગુનેગાર ગણીને મીડિયા ટ્રાયલ શરૂ થઈ ગયું હોત. અને દેશભરમાં સનસનાટી મચી ગઈ હોત ! પરંતુ આ કેસમાં, સોનમ ગાયબ હતી ત્યારે એવું કોઈ અનુમાન કેમ ન લગાવવામાં આવ્યું? આ પ્રશ્ન આપણી સમાજની માનસિકતા પર સીધો આંગળી ચીંધે છે. આપણા સમાજમાં એક વિચિત્ર પૂર્વગ્રહ જોવા મળે છે પુરુષ હંમેશાં ગુનેગાર હોઈ શકે, જ્યારે સ્ત્રીને ગુનેગાર તરીકે જોવાની શક્યતા નહિવત્ ગણાય. આ માનસિકતા એવી છે કે જો કોઈ ગુનો થાય અને તેમાં પુરુષ શામેલ હોય, તો તેને તરત જ શંકાના દાયરામાં લઈ લેવાય છે. પરંતુ જો સ્ત્રી ગાયબ હોય કે શંકાના દાયરામાં હોય, તો પહેલું અનુમાન એ જ લગાવાય છે કે તે ભોગ બની હશે, ગુનેગાર નહીં. આ દ્વિ-માપદંડ આપણા સમાજની મનોવૃત્તિને દર્શાવે છે, જે પુરુષો પ્રત્યે અન્યાયકારક છે. ન્યાયતંત્રમાં ભલે બધા સમાન હોય, પરંતુ સમાજની નજરમાં પુરુષોને શંકાનો ભોગ બનવું પડે છે. આ મેઘાલયના કેસમાં, જો રાજા ગાયબ હોત, તો મીડિયા અને સમાજે પણ તેના પરિવારને રંજાડવામાં કોઈ કસર ન છોડી હોત. તેના ચારિત્ર્ય પર શંકા ઉઠાવવામાં આવી હોત, અને બિનસત્તાવાર રીતે તેને ગુનેગાર ઠેરવી દેવાયો હોત. પરંતુ સોનમના કેસમાં આવું કંઈ થયું નહીં. આ દ્વિ-માપદંડનું મૂળ કારણ એ છે કે આપણા સમાજમાં સ્ત્રીને નિર્દોષ અને નબળી ગણવાની પ્રથા રહી છે, જ્યારે પુરુષને હંમેશાં શક્તિશાળી અને સંભવિત ગુનેગાર તરીકે જોવામાં આવે છે. આવી માનસિકતા ન્યાયના સિદ્ધાંતોની વિરુદ્ધ છે અને પુરુષો પ્રત્યે ભેદભાવ ઉભો કરે છે. આ માનસિકતાને બદલવાની જરૂર છે. સમાજે સ્ત્રી અને પુરુષ બંનેને સમાન નજરે જોવું જોઈએ. કોઈ પણ ગુનામાં શંકા ઉઠાવતા પહેલાં તથ્યો અને પુરાવાઓના આધારે નિર્ણય લેવો જોઈએ, નહીં કે જાતિના આધારે. મીડિયાએ પણ જવાબદારીપૂર્વક કામ કરવું જોઈએ અને બિનજરૂરી ટ્રાયલ ટાળવું જોઈએ. આ કેસ આપણને એક મહત્વનો પાઠ શીખવે છે ન્યાયની ખોજમાં સમાજે પૂર્વગ્રહો છોડીને તટસ્થ રહેવું જોઈએ, જેથી ન્યાયની ભાવના જળવાઈ રહે.

# મૃત્યુ : ફિલોસોફી નહીં, અનુભવથી જણાય ને?

## મૃત્યુ અટલ છે, મૃત્યુને અટકાવી ન શકાય એવી ફિલોસોફીભરી ભરી વાતો કરવી અને મૃત્યુને નજીકથી અનુભવવું એ બંને જુદી વાતો છે. જેને અગ્નિની જ્વાળા સ્પર્શી હોય તેને જ બળતરા ખબર પડે. વળી, મૃત્યુ તો શરીરનો અંત છે પણ આશાઓ, પ્રેમ અને યાદોને ક્યાં કોઈ શરીર હોય છે ? એ તો અશરીરી છે, એટલે જ તો વ્યક્તિના ગયા પછી માત્ર વ્યક્તિનાં શરીરને નહીં પણ તેની અશરીરી સ્મૃતિઓ, આશાઓ અને પ્રેમને કારણે જ આંખોમાં દળદળ આંસું આવી જાય છે.




**મનનમ્**



**ડો. યોગેશ ગોરાને**
આચાર્ય
વિનય મંદિર, દાંડી

**जातस्य हि ध्रुवो मृत्यु ध्रुवं जन्म मृत्यस्य च ।**

અર્થાત્ જન્મેલાનું મૃત્યુ નક્કી જ છે અને મરેલાંનો જન્મ નક્કી જ છે. **जिंदगी और मौत ऊपर वाले के हाथ में है बाबू मोशाय** - જીવન અને મૃત્યુ ઉપરવાળાના હાથમાં છે. આ સંસારનું અટલ સત્ય મૃત્યુ જ છે. જોકે મૃત્યુ સૌને માટે દુઃખદાયક છે, ભાગ્યે જ મૃત્યુ સુખદાયક હોય. તેમાંય જ્યારે કુદરતને બદલે માનવ ભૂલને કારણે મૃત્યુ થાય તો તે અસહ્ય થઈ જાય છે.

મૃત્યુ તો અનિશ્ચિત છે. ક્યાં, ક્યારે, કેવી રીતે એ તમને પકડશે ખબર નથી ને? ક્યારેક તમે વરસાદથી બચવા શેડ નીચે ઊભા છો અને શૅડ તમારા પર પડે છે. તમે વાવાઝોડા-તોફાનમાં તમારી કારમાં બેઠા છો, ત્યારે જ હૉર્ડિંગ તમારા પર પડે છે. તમે પરીક્ષાની હોલ ટિકિટ લેવા જાઓ છો અને રસ્તામાં એક્સીડન્ટ થાય છે. તમે તમારી ફેવરિટ ટીમ માટે ટ્રોફી પરેડમાં જાઓ છો અને દોડાદોડીમાં જીવ ગુમાવો છો. તમે ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા છો અને ટ્રેન પાટા પરથી ઉતરી જાય છે. તમે મુંબઈની લોકલમાં કામ પર જઈ રહ્યા છો અને મુસાફરોની ભીડને કારણે ટ્રેનમાંથી પડીને કચડાઈ જાઓ છો, તમે હનીમૂન માટે જાઓ છો અને તમારી પત્ની જ તમારી હત્યા કરે છે. તમે અગત્યનાં કામ માટે અથવા વેકેશન માટે વિમાનમાં મુસાફરી કરી રહ્યા છો અને વિમાન ક્રેશ થાય છે. તમે હોસ્ટેલમાં સપનાઓ સાકાર કરવા માટે અભ્યાસ કરી રહ્યા છો અને વિમાન તમારા પર તૂટી પડે છે. ટૂંકમાં, મૃત્યુ નિશ્ચિત નિશ્ચિત છે, એ સૌને ખબર છે, છતાં પણ જ્યારે ક્યારેય મૃત્યુ અચાનક, વિના કારણે આવે ત્યારે એ મૃત્યુથી માત્ર શરીરનો અંત નથી થતો પણ અંત થાય છે અનેક સપનાંઓનો, આશાઓનો, વાયદાઓનો, અપેક્ષાઓનો અને મૂલ્યોનો. એ અંત હોય છે કુટુંબનો, એ અંત હોય છે ભવિષ્યની ઉજ્જવળની કલ્પનાનો, એ અંત હોય છે વિરહ પછીના મિલનનો, એ અંત હોય છે ઘરડી માતાની ઘરડી આંખોમાં પોતાના દીકરાને ફરી જોવાનો, એ અંત હોય છે બહેનનો પોતાના ભાઈના હાથે રાખડી બાંધવાનો, એવા તો કંઈ કેટલાય અંત અચાનક બનતી દુર્ઘટનાઓથી થાય છે.

અચાનક થયેલી દુર્ઘટનાઓમાં મૃત્યુ પામ્યા પછી મૃત્યુ અટલ છે, મૃત્યુને અટકાવી ન શકાય, જન્મેલાનું મૃત્યુ નક્કી જ છે એવી ફિલોસોફીભરી ડાહ્યી ડાહ્યી વાતો કરવી અને મૃત્યુને નજીકથી અનુભવવું એ બંને જુદી વાતો છે. એ અનુભવ તો જેનું ગયું હોય એને જ ખબર પડે, જેને અગ્નિની જ્વાળા સ્પર્શી હોય તેને જ બળતરા ખબર પડે. વળી, મૃત્યુ તો શરીરનો અંત છે પણ આશાઓ, પ્રેમ અને યાદોને ક્યાં કોઈ શરીર હોય છે ? એ તો અશરીરી છે, એટલે જ તો વ્યક્તિના ગયા પછી વ્યક્તિનાં શરીરને નહીં પણ તેની અશરીરી સ્મૃતિઓ, આશાઓ અને પ્રેમને કારણે જ આંખોમાં દળદળ આંસું આવી જતાં હોય છે.

મૃત્યુ અટ, અમર, અજર હોવા છતાંય આ શરીરનું મહત્વ છે. આ શરીર મૃત્યુને અમર બનાવવાનું માધ્યમ છે. સવારથી સાંજ સુધી મનુષ્યની દોડાદોડીનું કારણ પોતાના અસ્તિત્વને વ્યક્તિત્વને અમર બનાવવાનું જ હોય છે, પણ એવું નથી લાગતું કે એ દોડાદોડીમાં થોડા અટકીએ, કારણ કે છેલ્લાં કેટલાંક દિવસોમાં થયેલા આ બધા જ અકસ્માતો, આ બધાં જ પ્રસંગો એ સમજાવે છે કે જીવન અને મૃત્યુ વચ્ચે માત્ર એક શ્વાસનું અંતર છે, એક ક્ષણનો તફાવત છે. જીવન અને મૃત્યુ વર્ષોની નહીં પણ માત્ર એક શ્વાસની વાત છે, એક ક્ષણે તમે જીવી રહ્યા છો અને બીજી જ ક્ષણે તમે જીવતા નથી. જીવન ખૂબ જ ટૂંકું છે, પછી ભલે ને તે સો વર્ષનું હોય. એટલે જ આ ટૂંકા જીવનને નમ્રતા, દયા, પ્રેમ, એકતા, ભાઈચારો અને કરુણા સાથે વિતાવવું ન જોઈએ? કારણ કે મરતી વખતે પદ, પૈસા પ્રતિષ્ઠા કે જ્ઞાન ખપ લાગતા નથી કે એ કામમાં આવતી નથી છેલ્લી ઘડીએ બચાવવા માટે કરેલી પ્રાર્થનાઓ, હાથમાં પહેરેલા દોરાધાગાઓ કે વીટીમાળાઓ કારણ કે જન્મેલાનું મૃત્યુ નક્કી જ છે.

# શૂટિંગ વર્લ્ડકપમાં ભારતની સુરુચિ સિંઘે રચ્યો ઈતિહાસ

## સુરુચી સિંઘે ISSF મ્યુનિક વર્લ્ડ કપમાં મહિલા કેટેગરીમાં ૧૦ મીટર એર પિસ્તોલ ફાઇનલમાં ૨૪૧.૯ સ્કોર કરીને ગોલ્ડ જીત્યો

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૧૪ : ભારતીય મહિલા શૂટર સુરુચી ઈન્દર સિંઘે શૂટિંગ વર્લ્ડ કપ ફાઇનલમાં પોતાના શાનદાર પ્રદર્શનથી ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે. આ તેનો વ્યક્તિગત ઈવેન્ટમાં સતત ત્રીજો ગોલ્ડ મેડલ છે. સુરુચી સિંઘે ISSF મ્યુનિક વર્લ્ડ કપમાં મહિલા કેટેગરીમાં ૧૦ મીટર એર પિસ્તોલ ફાઇનલમાં ૨૪૧.૯ સ્કોર કરીને ગોલ્ડ મેડલ જીત્યો છે. તેની જીતના કારણે તેના વતન હરિયાણા સહિત સમગ્ર દેશમાં ખુશીનો માહોલ છે. ૧૯ વર્ષીય સુરુચીએ કુલ ૨૪૧.૯ પોઈન્ટ્સ સાથે ગોલ્ડ મેડલની હેટ્રિક પૂર્ણ કરી છે. તેણે આ ફાઇનલમાં ફ્રાન્સની કેમિલ જેદ્રઝેજેવસ્કીને માત્ર ૦.૨ થી હરાવીને ગોલ્ડ મેડલ જીતી લીધો છે. જ્યારે ચીનની યાઓ કિઆનક્સુને કુલ ૨૨૧.૭ પોઈન્ટ્સ સાથે ત્રીજું સ્થાન મેળવીને બ્રોન્ઝ મેડલ જીત્યો છે. ભારતીય શૂટર ફાઇનલમાં ૫૨.૧ ના શરૂઆતના રાઉન્ડ સાથે આગળ હતી. ત્યારબાદ તેણે એલિમિનેશન રાઉન્ડમાં પોતાની લીડ ગુમાવી દીધી હતી, પરંતુ છેલ્લા કેટલાક શોટમાં જોરદાર વાપસી કરીને ફ્રાન્સની કેમિલને હરાવી દીધી હતી. અગાઉ, સુરુચી સિંઘે શુક્રવારે ઈન્ટરનેશનલ શૂટિંગ સ્પોર્ટ ફેડરેશન (ISSF) શૂટિંગ વર્લ્ડ કપ (રાઈફલ) ના ક્વોલિફિકેશન રાઉન્ડમાં ૫૮૮ પોઈન્ટ સાથે બીજા સ્થાને રહી હતી અને ત્યારબાદ ફાઈનલમાં ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો.

# હવે બાઉન્ડ્રીની અંદર જ બોલને ટચ કરવો માન્ય ગણવામાં આવશે

(સંપૂર્ણ સમાચાર સેવા) મેલબોર્ન, તા.૧૪: મેલબોર્ન ક્રિકેટ ક્લબ એટલે કે MCCએ તાજેતરમાં નિયમોમાં મોટો ફેરફાર કર્યો છે. આ ફેરફાર બાઉન્ડ્રી પર બોલ પકડવા સાથે સંબંધિત છે. નવા નિયમો અનુસાર, બાઉન્ડ્રીની બહાર ગયા પછી હવામાં કૂદીને બોલને અંદર ફેંકીને જે કેચ પકડવામાં આવે છે તેને અમાન્ય ગણવામાં આવશે. હવે બાઉન્ડ્રીની અંદર જ બોલને ટચ કરવો માન્ય ગણવામાં આવશે. આ કેચને બન્ની હોપ કહેવામાં આવે છે. આ ફેરફાર આ મહિનાથી લાગુ કરવામાં આવશે અને ઓક્ટોબર ૨૦૨૬માં MCCમાં થશે.

નવા નિયમ મુજબ, હવામાં ઉડતો ફિલ્ડર બોલને ફક્ત એક જ વાર સ્પર્શ કરી શકે છે જો તે બાઉન્ડ્રી બહાર હોય તો ફિલ્ડરે કેચ પૂર્ણ કરવા માટે બાઉન્ડ્રીની અંદર આવવું આવશ્યક છે.

પહેલાના નિયમ મુજબ, ફિલ્ડર બાઉન્ડ્રીની બહાર ગયા પછી બોલને ઘણી વખત હવામાં ફેંકી શકતો હતો, જો કે જ્યારે તે બોલને ટચ કરે ત્યારે તે હવામાં હોવો જોઈએ. BBL 2023 દરમિયાન માઈકલ નેસરે આવો જ કેચ લીધા પછી આ નિયમ ચર્ચાનો વિષય બન્યો છે. BBL 2023માં નેસરના કેચ પહેલાં, મેટ રેનશોએ ૨૦૨૦ સીઝનમાં ગાબા ખાતેની મેચમાં મેથ્યુ વેડને આ જ રીતે આઉટ કર્યો હતો. જે બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ વર્ષની શરૂઆતમાં, એમસીસીએ આઈસીસીને એક નોંધ મોકલી હતી, જેમાં તેણે નેસરના કેચને બન્ની હોપ ગણાવ્યો હતો અને નિયમમાં ફેરફારની પણ માંગ કરી હતી, કારણ કે કેટલાક પ્રયાસો અન્યાયી હતા. એમસીસીએ એમ પણ કહ્યું છે કે, "એમસીસીએ એક નવો શબ્દ બનાવ્યો છે બન્ની હોપ. આ પ્રકારના કેચ હવે માન્ય ગણાશે નહીં. જો કે, એવા કેચ કે જેમાં ફિલ્ડર બોલને બાઉન્ડ્રીની અંદરથી હવામાં ફેંકે છે, પછી બાઉન્ડ્રી બહાર જાય છે અને પછી ડાઈવ કરીને બોલને બાઉન્ડ્રી અંદર કેચ કરે છે તેને મંજૂરી આપવામાં આવી છે."

# મામાભાચાનો તૂટેલો કોઝ-વે અને તણસ્યા રોડનો પ્રશ્ન કયારે ઉકેલાશે ?





## આ કોઝવે થઈને પ્રાથમિક શાળાના બાળકો પસાર થતા હોવાથી ચોમાસામાં તૂટેલા કોજવે ઉપર પાણી ફરી વળતા ભારે મુશ્કેલી સર્જાતી હોય છે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર** ધરમપુર તાલુકાના અંતરિયાળ વિસ્તારના મામાભાચાના સરપંચ ફળિયાના દેવરામભાઈ ના ઘરની પાસે અને બેલી ફળિયાનો કોજવે છેલ્લા કેટલા સમયથી બિસ્માર થતાં ગામના પૂર્વ તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ રમણભાઈ ભોયાએ ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ તેમજ બાંધકામ ખાતાને લેખિત તેમજ મૌખિક માં વારંવાર રજૂઆત કરવા છતાં કોજવેના નવીનીકરણ બાબતે કોઈ નિરાકરણ ન આવતા ચોમાસામાં આ વિસ્તારના ૨૦૦થી વધુ રહેણાંકો હાલાકી ભોગવતા હોય છે આ કોજવે થઈને પ્રાથમિક શાળાના અભ્યાસ કરતા બાળકો રોજિંદા જતા હોય છે

કેટલીક વખત મુશળધાર વરસતા વરસાદને કારણે તૂટેલા કોજવે ઉપરથી પાણી ફરી વળતા અભ્યાસ કરનારા નાના નાના બાળકોને શાળા તરફ અને ઘર સુધી પાછા ફરતી વખતે ભારે મુશ્કેલી સર્જાતી હોય છે જેના કારણે વાલીઓ ચિંતામાં મુકાઈ જતા હોય છે કેટલીક વખત ગામના જાગૃત સામાજિક કાર્યકર્તા રમણભાઈ તેમજ આગેવાનો બાળકોને કેટલીક વખત ખભા પર ઊંચકીને સહી સલામત રીતે ઘરે પહોંચાડતા હોય છે ઉપરોક્ત કોઝવે મા ગત વર્ષે રમણભાઈ દ્વારા પોતાના ખર્ચે રોમટીરીયલ નાખી પુરાણ કરવામાં આવ્યું હતું જોકે આ વખતે ફરી ચોમાસાની સિઝનમાં તુટેલા કોજવેના કારણે ગ્રામજનો તેમજ શાળામાં અભ્યાસ કરતા બાળકોને મુશ્કેલી સર્જાશે ની ભીતિ વર્તાઈ રહી છે ઉપરોક્ત કોઝવેના નવીનીકરણ કરવા બાબતે ગ્રામજનો ની માંગ ઉઠવા પામી છે.

## મામાભાચાથી તણસ્યા સુધીનો ૪ કિ.મી બિસ્માર રસ્તાને લઈ ગ્રામજનો ત્રાહિમામ

**ધરમપુર, તા. ૧૫ :** ધરમપુર તાલુકાના છેવાડાના મહારાષ્ટ્રની બોર્ડરે આવેલ એવા અંતરિયાળ વિસ્તારના મામાભાચાથી - તણસ્યા સુધીના રસ્તાનું ડામરીકરણ ન કરવામાં આવતા આ વિસ્તારના આદિવાસી ભાઈઓ બહેનો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે



ધરમપુર તાલુકાના છેવાડાના વિસ્તાર એવા મામાભાચાથી તણસ્યા સુધીનો આશરે ચારેક કિલોમીટર રસ્તાનું નરેગા યોજનાથી ૪ વર્ષ પહેલા માત્ર માટી મેટલ નું કામ કર્યા બાદ ડામરીકરણ કરવા બાબતે ગામના મહિલા સરપંચના પતિ તેમજ પૂર્વ તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ રમણભાઈ ભોયા તેમજ ગામના આગેવાન લાલજીભાઈ જાદવે વારંવાર લાગતા વળગતા તંત્ર તેમજ આ વિસ્તારના ધારાસભ્યને લેખિત જાણ કરવા છતાં આજદિન સુધી આ રસ્તા ના નવીનીકરણ કરવા બાબતે રસ ન દાખવતા ગામજનો નારાજગી સાથે રોસે ભરાયા છે મામાભાચા થી તણસિયા સુધી રોજિંદા મોટી સંખ્યામાં બંને ગ્રામજનોની અવરજવર થતી હોય છે જ્યારે ધરમપુર આવવા માટે પણ આ જ રસ્તાથી મુખ્ય રસ્તા સુધી આવવું પડતુ હોય છે ચારેક વર્ષ અગાઉ નરેગા યોજના દ્વારા માત્ર માટી મેટલ થી બનાવવામાં આવેલ રસ્તાને કારણે ચોમાસામાં આ વિસ્તારથી પસાર થનારાઓએ ભારે હાલાકી ભોગવી પડતી હોય છે

તે ઉપરાંત મામાભાચા સરપંચ ફળિયાથી ભેગુ ફળિયા તરફ જતો રસ્તો તેમજ ગ્રામ પંચાયત થી હનુમાન મંદિર તરફ જતો 1.5 km રસ્તા નું નવીનીકરણ કરવા બાબતે પણ વારંવાર રજૂઆત કરી હોવા છતાં તંત્રએ કોઈ રસ ન લેતા આ વિસ્તારના ગામજનોમાં રોષ ની લાગણી ભભૂકી ઊઠી છે

ઉપરોક્ત બિસ્માર રસ્તાઓના નવીનીકરણ બાબતે લાગતા વળગતા તંત્ર દ્વારા ધ્યાન દોરાશે કે પછી જૈસે સે થે જેવી સ્થિતિ સર્જાશે તે જોવું રહ્યું?

# ધરમપુર તાલુકાના બારસોલમાં ખેડૂતે ડ્રેગન ફ્રુટની ખેતી કરી અન્ય ખેડૂતોને પ્રેરણા આપી

## પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદન પણ વધે છે અને ખેતી ખર્ચ પણ ઘટે છે સાથે ખેડૂતની આવકમાં પણ વધારો થાય છે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૫ :** રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાથી થતી ખેતીના કારણે જમીન બંજર બની રહી છે સાથે કેમિકલયુક્ત ખેતીથી પકવેલા ફળ, શાકભાજી અને અનાજથી લોકોના સ્વાસ્થ્ય ઉપર પણ અસર પહોંચી રહી છે જેથી રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ઝેરયુક્ત રાસાયણિક ખેતી છોડી ઝેરમુક્ત પ્રાકૃતિક ખેતી અપનાવવા ખેડૂતોને પહેલ કરી છે. જેને પગલે વલસાડ જિલ્લાના ગામડાઓમાં જિલ્લા આત્મા પ્રોજેક્ટના સીધા માર્ગદર્શન હેઠળ પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધ્યો છે. ખેડૂતોમાં જાગૃતિ આવતા તેઓ પ્રાકૃતિક ખેતી અપનાવી આર્થિક સમૃધ્ધિ તરફ ડગ માંડી રહ્યા છે. આવા જ એક ખેડૂત છે ધરમપુર તાલુકાના બારસોલ ગામના રતિલાલભાઈ પાતાળભાઈ પટેલ. જેઓ પ્રાકૃતિક ખેતી પધ્ધતિથી ડ્રેગન ફૂટની ખેતી કરી પંથકમાં લોકો માટે ઉદાહરણરૂપ બન્યા છે.



પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂત રતિલાલભાઈ પટેલ જણાવે છે કે, અમારા ગામમાં આત્મા પ્રોજેકટ દ્વારા પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું જેની જાણ થતા મેં તાલીમ લીધી હતી. આત્મા પ્રોજેકટના અધિકારી દ્વારા પૂરતી માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આત્મા પ્રોજેકટ દ્વારા રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને પદ્મશ્રી સુભાષ પાલેકરજીના પુસ્તકો આપવામાં આવ્યા હતા

જે વાંચી ડ્રેગન ફ્રૂટથી પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી હતી. રાસાયણિક ખાતર અને દવાના ઉપયોગથી મારી જમીન પણ ખરાબ થતી હતી કારણ કે, હું જયારે જમીન ખેડ કરતો ત્યારે બરાબર ખેડાણ થતુ ન હતું અને જમીનનું આવરણ પણ કઠણ લાગતું હતું. રાસાયણિક ખાતર અને દવાનો વપરાશ કરી અગાઉ ડ્રેગન ફ્રુટની ખેતી કરી હતી પરંતુ ડ્રેગન ફ્રૂટના છોડ એટલું ઉત્પાદન આપી શકતા ન હતા અને છોડ પણ તંદુરસ્ત રહેતા ન હતા. ત્યાર પછી મેં જીવામૃતનો ઉપયોગ કરવાનું ચાલુ કર્યુ અને દરેક પિયત પાણી સાથે પ્રવાહી જીવામૃત આપ્યુ હતું. ત્યાર પછી મારી જમીન પોચી, ભરભરી અને ફળદ્રુપ બની હતી. પ્રવાહી જીવામૃતનો ડ્રેગન ફ્રૂટના છોડ પર સ્પ્રે કરવાનું ચાલુ કર્યુ તો ફૂલની સંખ્યા પણ વધી અને બેસાણ પણ વધી ગયું હતું. પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદન પણ વધે છે અને ખેતી ખર્ચ પણ ઘટે છે સાથે ખેતીની આવકમાં પણ વધારો થાય છે. આવક અંગે ખેડૂત રતિલાલભાઈ પટેલ જણાવે છે કે, પ્રાકૃતિક કૃષિ અંતર્ગત જમીન ૨૦ ગુંઠા જમીનમાં ગુલાબી જાતિના ડ્રેગનફ્રૂટની ખેતી કરી હતી. રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાના ઉપયોગથી થતી ખેતીમાં આવક રૂ. ૩,૭૫,૦૦૦ હતી જેની સામે ખર્ચ રૂ. ૨,૫૦,૦૦૦ થતા નફો રૂ. ૧,૨૫,૦૦૦ જ થતો હતો જયારે પ્રાકૃતિક ખેતી પધ્ધતિથી ખેતી કરતા આવક રૂ. ૩,૪૫,૦૦૦ થઈ જેની સામે ખર્ચ રૂ. ૨,૦૦,૦૦૦ થયો અને નફો વધીને રૂ. ૧,૪૫,૦૦૦ થયો હતો.

હાલ હું જીવામૃત અને ઘન જીવામૃત બનાવીને મારા ખેતરમાં ઉપયોગ કરૂ છું સાથે ઝેરમુકત ખેતી કરવાનો ગર્વ પણ અનુભવુ છું. આસપાસના ગામના લોકો પણ પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે પ્રયાસ કરી રહ્યો છું.

# ધરમપુર-કપરાડા તાલુકામાં ખાનગી કંપનીના પ્રચારની પદ્ધતિ વૃક્ષો માટે હાનિકારક

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોઢા, તા. ૧૫ :** આજના સમયમાં સમગ્ર વિશ્વ પર્યાવરણ બચાવવા માટે પ્રયત્નશીલ છે. વનવિસ્તાર વધારવા, વૃક્ષારોપણ કરવા અને પ્રાકૃતિક તંત્રની સમતુલન જાળવવા માટે સતત અભિયાનો ચાલી રહ્યા છે.

પણ ગુજરાતના દક્ષિણ વિસ્તારમાં આવેલ કપરાડા તાલુકામાં એક આવું હકીકત સામે આવી છે જે પર્યાવરણ માટે જોખમરૂપ છે. અહીંના ઘણા માર્ગો અને ગ્રામ્ય વિસ્તારના રસ્તાની બાજુમાં આવેલ વૃક્ષો પર મોટા પ્રમાણમાં જાહેરાતના પાટિયા ખીલા મારીને લગાડવામાં આવી રહ્યા છે.

આ જાહેરાતના પાટિયાં ભલે




વેપારિક હિત માટે લગાડવામાં આવતા હોય, પરંતુ તે વૃક્ષો માટે જીવલેણ સાબિત થાય છે. ખીલા મારવાના કારણે વૃક્ષના તંતુઓને નુકશાન પહોંચે છે, વૃક્ષના જીવનચક્રમાં ખલેલ પડે છે અને તેનું વિકાસ થમરી જાય છે. વૃક્ષોમાં રહેલા રસપ્રવાહ તંત્રને જ્યારે ખીલો ઘૂસી જાય છે ત્યારે તે જગ્યા પર ફૂગ, જીવાણુઓ કે જંતુઓ પ્રવેશી શકે છે. આવી સ્થિતિમાં ઝાડ ની આવરદા ઘટી જાય છે અને થોડી જ સાલોમાં વૃક્ષ સૂકી જાય છે અથવા નાશ પામે છે.

કપરાડા તાલુકાના અનેક વિસ્તારો જેવા કે ધરમપુર રોડ, ડુંગર પંથક, ગામડાઓની સાથે જોડાતા માર્ગો પર આ સ્થિતિ વધુ જોઈ શકાય છે. ખાસ કરીને રસ્તાની બાજુમાં ઊગેલા વૃક્ષો પર જાહેરનામા, મેરેજ હોલના પાટિયા, ડાંગર પાક, લઘુઉદ્યોગો અને સ્થાનિક Rajanik કાર્યોના પાટિયા જોઈ શકાય છે.

આજે જ્યારે સરકાર વૃક્ષ બચાવો, હરિત ગુજરાત, મિશન લીલુંવટ જેવી યોજનાઓ ચલાવી રહી છે

ત્યારે બીજી તરફ આવું અવિચારપૂર્વકનું વર્તન એ તમામ પ્રયાસો પર પાણી ફેરવી દે છે. પર્યાવરણ પ્રેમીઓ અને સ્થાનિક વનવિભાગે પણ આ મુદ્દાને ગંભીરતાથી લેવાની જરૂર છે. કાયદેસર પણ આ પ્રકારની હરકત દંડનીય છે.

ભારતીય વન અધિનિયમ ૧૯૨૭ અને પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ ૧૯૮૬ હેઠળ જંગલ અથવા જાહેર વૃક્ષો સાથે થયેલા કોઈપણ હાનિકારક વ્યવહાર માટે કાયદાકીય કાર્યવાહી થઈ શકે છે. આવી પ્રવૃત્તિ એ ન માત્ર પર્યાવરણીય અપરાધ છે પરંતુ જનજાગૃતિના અભાવની ચિંતાજનક નિશાની પણ છે.

પર્યાવરણ કાર્યકરોની માંગ છે કે ઝાડ પર ખીલા મારી જાહેરાત લગાવનારા સામે તાત્કાલિક પગલાં લેવાં જોઈએ. પાટિયાં દૂર કરવા માટે વિસ્તૃત ઝુંબેશ હાથ ધરવી જોઈએ અને લોકોને યોગ્ય માર્ગ દ્વારા જાહેરાત કરવા માટે પ્રોત્સાહિત કરવું જોઈએ. ગામ પંચાયતો, નગરપાલિકાઓ અને વનવિભાગે આવી જાહેરાતો માટે નક્કી જગ્યાઓ ફાળવી દેવી જોઈએ જેથી ઝાડ બચી શકે.

અંતે, જો આપણે પર્યાવરણને સાચવીને જીવવાનું છે, તો એવું કોઈ પણ કાર્ય ન કરીએ કે જેના કારણે વૃક્ષો, જે આપણું જીવન આધાર છે,

નુકશાનમાં જાય. કપરાડા તાલુકા જેવી કુદરતી સૌંદર્યથી ભરેલી જમીનમાં જો આપણે જ વૃક્ષોને ખતમ કરવાનું શરૂ કરી દઈએ તો આવનારો સમય વધુ દુઃખદાયક સાબિત થઈ શકે છે. જાહેરાત માટે પણ છેવટે કુદરત બચી રહેશે તો જ બજાર ચાલશે – નહીં તો neither business nor biosphere.

# ધરમપુર કોમર્સ કોલેજમાં બિરસામુંડાને શ્રદ્ધાંજલિ અપાઈ



**ધરમપુર, તા. ૧૩ :** શ્રી વનરાજ આર્ટસ- કોમર્સ કોલેજ ધરમપુરમાં ચાલતી રાષ્ટ્રીય સેવા યોજના ફલ્લ અને ફછ્છના ૬૦ જેટલા સ્વયંસેવકોએ દેશની સ્વતંત્રતા માટે પોતાના પ્રાણોનું બલિદાન આપનાર ભગવાન બિરસા મુંડાજીની પૂણ્યતિથિએ ભાવપૂર્ણ નમન સાથે તેમની છબીને હાર પહેરાવી શ્રધાંજલી આપી હતી. આ પૂણ્યતિથિની શ્રધાંજલી બાદ ગણેશભાઈ ડી. બીરારી (ટ્રસ્ટી ,MSVS કેળવણી મંડળ ધરમપુર, આદિવાસી આગેવાન, ભાજપ જીલ્લા મહામંત્રી)નું બિરસા મુંડાજીના જીવન પરિચય તથા તેમના બલિદાન અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવા તથા પ્રેરિત કરવા એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં કોલેજના આચાર્ય ડૉ. કે. એમ. પટેલ સાહેબે વક્તાનું પુષ્પથી સ્વાગત તથા આવકાર પરિચય આપ્યો હતો. આ કાર્યક્રમનું સફળ સચાંલન તથા આભાર વિધિ NSS પ્રો. ઓફિસર ડૉ. શૈલેષ રાઠોડે કરી હતી અને રાષ્ટ્રગીત ગાઈ કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો.

# કપરાડાના ઓઝરડા સેગુ ફળિયા પ્રા. શાળામાં ફાજલ શિક્ષકના સ્થાનાંતર મુદ્દે વિવાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૧૫ :** વલસાડ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત કપરાડા તાલુકાની ઓઝરડા સેગુ ફળિયા પ્રાથમિક શાળામાં શિક્ષણની હકીકત સામે આવી છે, આ શાળામાં થોડા સમય પહેલાં બાળકોની સંખ્યા ઘટી ગઈ હતી. પરિણામે, નિયમ અનુસાર, એક શિક્ષક ફાજલ જાહેર કરાઈ અન્ય શાળામાં સ્થાનાંતરિત કરવામાં આવ્યો હતો. આ નિર્ણય શિક્ષણના નિયમો અને સ્થાનાંતરણ પદ્ધતિ મુજબ યોગ્ય હતો. પરંતુ ત્યારબાદ જે હલચલ સર્જાઈ તે શિક્ષણની મર્યાદાઓ વિમુખ કરતી હતી.

મૂળ શાળાના શિષ્યોએ અને કેટલાક સ્થાનિક શિક્ષકોએ એ શિક્ષકને પાછો લાવવા માટે વાલીઓ પર દબાણ શરૂ કર્યું. શિક્ષકોનો આશય માત્ર શિક્ષકને પાછો લાવવાનો હોઈ શકે. પણ આ માટે વાલીઓ અને વિદ્યાર્થીઓને હાથા બનાવવા એ કેટલે અંશે યોગ્ય ગણી શકાય ? આવા અનેક પ્રશ્નો સામે આવી રહ્યા છે

જે જિલ્લા પંચાયત શિક્ષણ વિભાગ, તાલુકા શિક્ષણાધિકારી અને શિક્ષણ મંડળ માટે ગંભીર ચિંતાનો વિષય છે.

### શિક્ષકને પુનઃ લાવવાની કવાયત જરુરી છે ?

ઓઝરડા સેગુ ફળિયા પ્રાથમિક શાળામાં ફાજલ પડેલા શિક્ષકને પરત લાવવા શિક્ષકો તલપાપડ પહેલા તો આશ્ચર્યજનક લાગે છે, પરંતુ પાછળ અનેક કારણો છુપાયેલાં હોય શકે. ભુતપૂર્વ વિદ્યાર્થીઓ આ અંગે ચોકાવનારા કારણો જણાવતા જોવા મળે છે. ત્યારે પ્રશ્ન ઉદભવે છે કે આવી પુનરાવૃત્તિ સામે શિક્ષણ તંત્ર કે શાળા કેમ ચુપ છે? શું આ શિક્ષક શાળા માટે મસીહા તરીકે જોવામાં આવે છે ? કે પછી પાછળ કોઈ રાજકીય અથવા ખાનગી લોબી કામ કરી રહી છે? બાળકોના ભાવિ સાથે ચેડા ન કરાય,એ અંગે ન્યાયિક અને નૈતિક અવાજ ઊઠવો અતિ જરૂરી હોવાનું કહેવાઈ રહ્યું છે.

ઓએનજીસી તેમજ અન્ય સંસ્થા સુરત દ્વારા

# ખોબા પ્રા. શાળામાં બાળકો માટે બેંચ અપાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૫ :** ઓ એન જી સી સુરત અને સુરતની અન્ય પ્રતિષ્ઠિત સંસ્થાઓના સહયોગથી શાળાના બાળકોને નવાં બેન્ચ અર્પણ કરવામાં આવતા બાળકોને આરામદાયક અને અનુકૂળ વાતાવરણમાં બેસીને શિક્ષણ પ્રાપ્ત કરશે દિન પ્રતિ દિન ખોબા પ્રાથમિક શાળા સુવિધાસભર અને બાળકો માટે આદર્શ શૈક્ષણિક કેન્દ્ર તરફ આગે કુચ થાય એમ લોક મંગલમ ટ્રસ્ટના પ્રયાસો થઈ રહ્યા છે બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ, પ્રેરણાદાયી વાતાવરણ અને તેમના સર્વાંગી વિકાસ માટે જરૂરી પર્યાપ્ત સુવિધાઓ મળી રહે એવા પ્રયત્નો સાથે સમાજના સહયોગી સંસ્થાઓના સમર્થનને બીરદાવી શકાય.

# કપરાડા તાલુકો પરંપરાગત કૃષિનો સમૃદ્ધ વારસો ધરાવે છે

કપરાડા તાલુકો પશ્ચિમ ગુજરાતનો એક વિસાળ પર્વતીય અને આદિવાસી બહોળાઈ ધરાવતો વિસ્તાર છે. અહીંની ખેતીનો ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસો અત્યંત સમૃદ્ધ રહ્યો છે. એક સમય હતો જ્યારે ખેડૂત પોતાનું ખેતર જાતે ખેડતો અને ખેતી માટેના તમામ સાધનો જાતે તૈયાર કરતો. તેમા હળ, કોદાળી, ઘોઘડા, પઝોટી જેવા ઓજારો કુદરતી સ્ત્રોતોમાંથી બનાવાતા. આજે એ તમામ દેશી બનાવટના ઓજારો વિસ્મૃતિના ખૂણે પહોંચી ગયા છે.

ખેતીની વ્યવસ્થા તે પછી અને હવે અગાઉ કપરાડાના ખેતરોમાં ચોમાસાની શરૂઆત સાથે બળદ જોતાં અને હળ ખેંચતા દેખાતા. જમીન ખેડતી વખતે અવાજ કરતા ખેડૂતના હોકાટા—હટ બચ્ચા... હટ મોલીયા—આ અવાજ એક -કારનું ખેતીસંબંધિત સંગીત હતું, જે આજે ચૂપ થઈ ગયું છે. ખેડૂત પોતે જ લાકડાંમાંથી હળ અને પઝોટી જેવી સામગ્રી તૈયાર કરતો. બળદ માટે બનાવટના ઘંટા, ગાડા માટે લાકડાની પાટીઓ અને કોદાળીઆ—all were crafted with care and culture.

પરંતુ આજે કપરાડામાંTRACTOR નું દબદબું વધી ગયું છે. ટ્રેક્ટર જમીન ખેડે છે, પણ એ સાથે સંકળાયેલ લોકસંસ્કૃતિ અને પરંપરાની ધરોહર ધીમે ધીમે નાશ પામી રહી છે. હળ હવે ગીતોમાં અને સંગ્રહાલયમાં જ જોવા મળે છે.

ઓજારો જેવાં કે હળ, પઝોટી અને ઘોઘડા એક વારસો

કપરાડાના ગામોમાં અનેક પ્રકારના ખેતી સાધનો દેશી રીતે તૈયાર થતા. ખાસ કરીને


હળ (લાકડાનું) હળ જમીન ખેંચવા માટેનું મુખ્ય સાધન હતું. બળદ દ્વારા ખેંચાવાતુ અને જમીનની નરમાઈ માટે અત્યંત ઉપયોગી હતું. દરેક ખેડૂત પોતાનું હળ બનાવતો અને તેની પાછળ ભાવનાત્મક જોડાણ પણ રાખતો.

પઝોટી આ એક લાકડાની ફાળ જેવી સાધન હતી, જે નરમ જમીનમાં વાવણી માટે ઉપયોગી હતી.

ઘોઘડાં વાસ માંથી બનાવેલી વરસાદથી બચવા શરીર ઢાંકવા માટે ઉપયોગી હતું. આજે એની સ્થાને પ્લાસ્ટિકનો ઉપયોગ થઈ રહ્યો છે. કોદાળી અને ફાવડા આજે પણ વિદાય માન છે પરંતુ તેમા પણ લોખંડ અને પ્લાસ્ટિકનો ઉપયોગ વધી ગયો છે. લાકડાની ડાંડીયાળી કોદાળ હવે દુર્લભ છે.

**મશીનિયુક્ત ખેતીનો અસર**

જેમ જેમ યાંત્રિકીકરણ વધ્યું છે તેમ તેમ દેશી ઓજારોનો ઉપયોગ ઘટ્યો છે. ટ્રેક્ટર જમીન ખેતી, વાવણી અને અન્ય તમામ કાર્યો એકસાથે કરી શકે છે. ખેડૂતોને ઝડપ અને સમય બચાવવો છે—આ બદલાવના તર્ક પર કોઈ શંકા નથી. પણ જ્યારે પેઢી દર પેઢી આ યંત્રોથી ખેતી



**નાનાપોંઢાનો પત્ર**

**ડો. બાબુ ચૌધરી, નાનાપોંઢા**

શીખશે ત્યારે દેશી સાધનોની જાણકારી, કળા અને કૌશલ્ય એકદમ ખોવાઈ જશે.

**અલિપ્ત થતું બળદ ગાડું**

કપરાડાના માર્ગો પર જૂના સમયમાં બળદ ગાડાં દેખાતા. લગ્ન પ્રસંગે, વાવણી સમયે, માલ વહન કરવા માટે અથવા ગામમાં જુદી જુદી સામાજિક પ્રવૃત્તિઓ માટે બળદગાડાનું મહત્વ હતું. આજે વાહનોના આગમન પછી બળદગાડું માત્ર શિષ્ટાચાર પૂરતું રહી ગયું છે. ઘણા ઘરોમાં ક્યારેક તો બળદ પણ રાખવા કે પાળવા માટે જગ્યા નહીં રહી હોય તેમ થાય છે.

**આજના યુવા ખેડૂતોનું દ્રષ્ટિકોણ**

આજના યુવાનો માટે દેશી સાધનો 'ઓલ્ડ ફેશન' લાગતા હોય છે. તેઓ ટ્રેક્ટર, પાવર ટીલર, મલ્ટિપર્પઝ સિંચાઈ પંપ્સ તરફ વળ્યા છે. તેમને વ્યવસાયિક પાયે વધુ ઉત્પાદન જોઈતું છે અને ઓછા ખર્ચે ઝડપી કામ કરવાની ઈચ્છા છે. આમાં કંઈ ખોટું નથી, પરંતુ એ સાથે જો આપણે પરંપરાગત ઓજારોને લુપ્ત થવા દઈશું તો ભવિષ્યમાં આપણું પશુપાલન પણ ખતમ થઈ જશે.

પરંપરા બચાવવા માટે પ્રયત્નો શું થઈ શકે?

શૈક્ષણિક કાર્યક્રમો ગામના પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં દેશી ઓજારો વિષે જ્ઞાન આપવામાં આવે તો બાળકો આ વારસા તરફ આકર્ષિત થાય.

સ્થાનિક સંસ્થાઓનો સહયોગ સહકારી મંડળીઓ, NGOs કે ગ્રામ પંચાયત દ્વારા દેશી સાધનોના પ્રદર્શન યોજી શકાય.

વિશ્વકર્મા દિવસ કે ખેતી વારસા દિવસ દર વર્ષે એક દિવસ એવા દેશી સાધનોને સમર્પિત કરવો જોઈએ, જ્યાં લોકો હળ, પઝોટી, ઘોઘડા વગેરે જોઈ શકે અને અજમાવી શકે.

સંગ્રહાલય તાલુકામાં ખેતી વારસો દર્શાવતું મિની મ્યુઝિયમ બનાવવું. ત્યાં જીવંત નમૂનાઓ પણ રાખી શકાય.

વૃદ્ધ ખેડૂતોના અનુભવો નોંધવા જે વડીલોએ આ સાધનો બનાવ્યા છે તેમને મળીને તેમના અનુભવો/કહાણીઓ લિખિત કે દૃશ્યરૂપે સ્ટોર કરવાની શરૂઆત કરવી જોઈએ. કપરાડાની ખેતી દેશી સાધનો વિના અધૂરી છે. હળ કે પઝોટી માત્ર ખેતી સાધન નહિં, પરંતુ આદિવાસી સમાજની જીવનશૈલી, તેમની કુશળતા, જ્ઞાન અને કુદરત સાથેના સંબંધના પ્રતીક છે. જો આપણે આ સાધનો અને કૌશલ્યને સાચવી શકીએ તો આગામી પેઢી માટે એક જીવંત વારસો રહી શકે. અન્યથા તે માત્ર પુસ્તકમાં લખાયેલા શબ્દો અને તસવીરો પૂરતો જ રહી જશે. અત્યારે જાગવાની જરૂર છે. નહિ તો આપણે આપણું પોતાનું ધરોહર પોતે જ ભૂલી જઈશું.

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Monday 16, June 2025


## અકસ્માત કે સેબોટેજ? : તપાસ અહેવાલ સમય લેશે

અમદાવાદમાં એર ઈન્ડિયાનું વિમાન કેવી રીતે તૂટી પડયું તેની સત્તાવાર તપાસ શરૂ થયા પછી અહેવાલ એક વર્ષની અંદર આવવો જોઈએ એવી વ્યવસ્થા છે, છતાં સામાન્ય છાપ સેબોટેજ-આંતરિક ભાંગફોડ થઈ હોય અથવા તો સિસ્ટમ હાઈજેક થઈ હોય એવી શંકા છે. આ દુર્ઘટનામાં નોંધપાત્ર બાબત એ છે કે, સ્થાનિક લોકો તત્કાળ રાહત કાર્યમાં જોડાયા. ઘણી વખત લોકો લૂંટફાટ - વેરવિખેર પડેલા સામાન શોધવા ફંફોળવા લાગતા હોય છે, પણ અહીં માનવતા અને માનવસેવા જોવા મળી છે. આવી દુર્ઘટનાની તપાસ કરવા માટે આપણા સિવિલ એવીએશન - ઉડ્ડયન વિભાગમાં વિશેષ વ્યવસ્થા છે. અલગ એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યૂરો છે, જે તમામ ગંભીર અકસ્માતોની તપાસ કરે છે અને એક વર્ષની મુદતની અંદર અહેવાલ સુપરત કરે તેવો નિયમ છે. અમદાવાદના અકસ્માતની ખબર મળતાં તરત જ નવી દિલ્હીથી આ વિશેષ બ્યૂરોના નિષ્ણાતો અમદાવાદ જવા રવાના થયા હતા. બોઈંગ વિમાનની કંપની અમેરિકાની છે, તેથી વિમાન મેન્યુફેક્ચર થયાં હોય તે વિમાનના ડિઝાઈનર અને ઓપરેટર રજિસ્ટર થયા હોય તેને અકસ્માતની જાણ કરવામાં આવી તે મુજબ કંપનીના નિષ્ણાતો તપાસમાં જોડાઈ રહ્યા છે. ચાર દાયકામાં આટલું મોટું જંગી વિમાન તૂટી પડવાનો ભારતમાં આ પ્રથમ બનાવ છે. આ અગાઉ ૧૯૮૫માં જૂનમાં એર ઈન્ડિયાના બોઈંગ વિમાન - કનિષ્ક હોનારત - ગ્રસ્ત થયું તે સેબોટેજ - ભાંગફોડનું પરિણામ હતું. આ વખતે જૂન મહિનાનો યોગાનુયોગ છે અને ઘણા લોકો અકસ્માત માનવા તૈયાર નથી. બ્યૂરો દ્વારા તપાસ ઉપરાંત વિગતવાર ઊંડાણથી તપાસ કરવા માટે ભારત સરકારે નિર્ણય લીધો છે. ઘટનાસ્થળે રાહતકાર્યો પૂરાં થાય કે તરત બ્યૂરોના નિષ્ણાતો પુરાવા એકઠા કરવા કામે લાગશે. વરસાદ અથવા પવનના કારણે પુરાવા નાબૂદ થાય નહીં એ પણ જોવાનું છે. બ્લેક બોક્સ શોધવા ઉપરાંત ફ્લાઈટ ડેટા રેકોર્ડર તપાસ અને વિશ્લેષણ માટે જરૂરી હોય છે. સ્થળની વિસ્તૃત ફોટોગ્રાફી - વીડિયોગ્રાફી થશે. દુર્ઘટનાનાં કારણ તપાસવા સાથે ભવિષ્યમાં ફરીથી આવું બને નહીં તે માટે પગલાં લઈ શકાય. તેની શરૂઆત પણ થઈ છે, ડીજીસીએએ દેશમાં રહેલા બધા જ બોઈંગ-ડ્રીમ લાઈનરની સલામતી પરીક્ષણ કરવાનો આદેશ બહાર પાડી દીધો છે. ૧૫મી જૂન-૨૦૨૫ના મધ્યરાત્રિથી દેશમાંથી ઉડાન ભરવા પહેલાં એક વિશેષ તપાસ ફરજિયાત બનાવી દીધી છે, તો સાથે હતભાગી વિમાનનું બ્લેક બોક્સ અને ડીવીઆર પણ મળી આવ્યા હોવાથી અકસ્માતનું ખરું કારણ પણ બહાર આવશે. દરેક અકસ્માત ધાર્યા બહાર અને અચાનક બનતા હોવાથી સેબોટેજની આશંકા વ્યક્ત થાય જ છે અને ઘણા કિસ્સામાં એ આવી પણ પડી છે. જો કે, અમદાવાદના કિસ્સામાં શું સાચું છે એ તપાસ પછી ખબર પડશે. ટાટા સમૂહના ચેરમેન એન. ચંદ્રશેખરને પણ કહ્યું છે કે, જે કોઈ ક્ષતિ કે ચૂક હશે એ અમે જાહેરમાં સ્વીકારીશું. અમે પૂરી પારદર્શિતા સાથે તપાસને સહયોગ આપીએ છીએ. અમારા માટે આ ઘટના ઈતિહાસનો કાળો દિવસ છે, અમે કંઈ છુપાવીશું નહીં. સામાન્ય રીતે તપાસ માટે એક વર્ષનો ગાળો લાંબો ગણી શકાય, આવી ગમખ્વાર ઘટના બને તેની તપાસ ચાલે અને અહેવાલ આવે ત્યાં આવવી ઘટના ઘણીવાર મહત્ત્વ ગુમાવી બેસતી હોય છે. હવે સરકારે નવી ટેકનિકો સાથે આવી તપાસમાં ઝડપ આવે એની તકેદારી લેવી જરૂરી છે. પુરાવા એકઠા કરવામાં ત્રણથી પાંચ દિવસ લાગી શકે, તે પછી તેનું વિશ્લેષણ થશે તે પછી અહેવાલ સુપરત થાય અને ભલામણ મુજબ ભવિષ્યની સલામતીનાં પગલાં લઈ શકાય.

### NH-113 ધોવાયો

# વરસાદને કારણે અરુણાચલ પ્રદેશ ભારતથી સંપર્કવિહોણું

(સંપૂર્ણ સમાચાર સેવા)
અંજાવ, તા.૧૫ : અરુણાચલ પ્રદેશમાં મૂશળધાર વરસાદે તબાહી મચાવી છે. આ ભારે વરસાદના કારણે અરુણાચલ પ્રદેશનો અંજાવ જિલ્લો છેલ્લા આઠ દિવસથી દેશના બાકીના ભાગોથી સંપૂર્ણપણે સંપર્કવિહોણું થઈ ગયું છે. આ ભારે વરસાદમાં ભારત-ચીન અને ભારત-મ્યાનમાર સરહદને જોડતા નેશનલ હાઈવે-૧૧૩ ધોવાઈ ગયો છે. આના કારણે આ રસ્તો પણ ઉપયોગ કરવા યોગ્ય નથી રહ્યો. આ હાઈવેના અરોવા-ખુપા-હયુલિયાંગના મોનપાની સેક્શન પર પણ સ્થિતિ સારી નથી. આ કારણે સ્થાનિક લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ સાથે જ ચીની સરહદને અડીને આવેલા વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ વિસ્તારોમાં પહોંચવું પણ મુશ્કેલ બની રહ્યું છે.

રસ્તો બંધ થવાને કારણે દૂરના કિબિથૂ અને ચગલાગામ સુધી પહોંચવું મુશ્કેલ બની ગયું છે. આ બંને વિસ્તારો વ્યૂહાત્મક રીતે ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે તે ચીન અને મ્યાનમારની સરહદ સાથે જોડાયેલા છે. બીજી તરફ ઘણા વિસ્તારોમાં સ્થાનિક સમુદાયના લોકો અલગ પડી ગયા છે. ખાસ કરીને હાયુલિયાંગ, હવાઈ અને આસપાસના ગામોમાં વસ્તુઓની ભારે અછત સર્જાઈ રહી છે. વાહનોની અવરજવર બંધ થવાને કારણે તમામ સ્થાનિક લોકો પગપાળા ચાલીને આવશ્યક વસ્તુઓ લાવવા માટે લાચાર છે.

સ્થાનિક અધિકારીઓએ ટ્રાવેલ એડવાઈઝરી જારી કરી છે. તેમાં સ્થાનિક રહેવાસીઓને રાત્રે મુસાફરી કરવાનું ટાળવા અને સાવચેત રહેવા માટે કહેવામાં આવ્યું છે. આ વચ્ચે મહિલા અને બાળ વિકાસ મંત્રી અને આ વિસ્તારના ધારાસભ્ય દાસાંગ્લૂ પુલે જમીન પર પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું. તેમણે કહ્યું કે મોનાપાનીમાં કામ ચાલી રહ્યું છે. અધિકારીઓ આ માટે સંપૂર્ણ સમર્પણ સાથે કામ કરી રહ્યા છે. આ ઉપરાંત ફસાયેલા લોકોને મદદ કરવા માટે હેલિકોપ્ટર સેવા પણ શરૂ કરવામાં આવી છે. મંત્રી પુલે એ પણ જણાવ્યું કે, 'ભવિષ્યમાં કોઈ સમસ્યા આવે તો તેનો ઉપયોગ કરી શકાય તે માટે એક કામચલાઉ રસ્તાને મંજૂરી આપવામાં આવી છે. એક વાર પરિસ્થિતિ સામાન્ય થયા પછી આ નવા રસ્તા માટે કામ શરૂ થશે.

NH-113 કોરિડોરના મહત્વ પર ભાર મૂકતા મંત્રીએ કહ્યું કે, આ રસ્તો હાઈવે કરતા મહત્ત્વપૂર્ણ છે. તે જીવનરેખા છે. હું લોકોને શાંતિ અને સહયોગ જાળવવા અપીલ કરું છું. લોકોની સમસ્યાઓના ઉકેલ માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.'

# કેદારનાથમાં વરસાદી આફત

### યાત્રા સ્થગિત થતાં ભક્તોને સુરક્ષિત સ્થળે રોકાવવા અપીલ

(સંપૂર્ણ સમાચાર સેવા)
કેદારનાથ, તા.૧૫
કેદારનાથમાં હેલિકોપ્ટર ક્રેશ થયા બાદ વરસાદી આફતે અનેક મુશ્કેલીઓ ઉભી કરી છે. અહીં યાત્રાળુઓના માર્ગ પર કાટમાળ પડતા એક શ્રદ્ધાળુનું મોત અને બે ઈજાગ્રસ્ત થયા છે. રસ્તા પર અનેક ઠેકાણા પાણી ભરાતા રસ્તો બંધ કરવાની નોબત ઉભી થઈ છે. ઘટના બાદ શ્રદ્ધાળુઓની સુરક્ષાને ધ્યાને રાખી સોનપ્રયાગથી કેદારનાથ ધામ સુધીની પગપાળા યાત્રા આગામી આદેશ સુધી સ્થગિત કરી દેવાઈ છે. આ કારણે અહીં અનેક શ્રદ્ધાળુઓ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

હવામાન વિભાગે કેદારનાથ ધામમાં આગામી એક સપ્તાહ સુધી વરસાદ પડવાનું એલર્ટ જાહેર કર્યું છે અને અહીં સતત વરસાદ પડી રહ્યો છે. વરસાદના કારણે ભૂસ્ખલન પ્રભાવીત જંગલચટ્ટીના રસ્તા પર ઘણું નુકસાન થયું છે. સલામતીના ભાગરૂપે અને શ્રદ્ધાળુઓની સુરક્ષાને ધ્યાને રાખી કેદારનાથ ધામની પગપાળા યાત્રા સોનપ્રયાગથી સ્થગિત કરવામાં આવી છે. પોલીસની ટીમ જંગલચટ્ટી વિસ્તારમાં ફસાયેલા શ્રદ્ધાળુઓની મદદ કરી રહી છે અને તેમને સુરક્ષીત સ્થળે ખસેડી રહી છે.

પોલીસ અધિક્ષક અક્ષય કોંડેએ કેદારનાધામ આવી રહેલા શ્રદ્ધાળુઓને અપીલ કરી છે કે, તેઓ જ્યાં છે, ત્યાં સુરક્ષિત રહે અને નજીકના સ્થળો અથવા હોટલમાં રહે. બીજીતરફ ઉત્તરાખંડના રુદ્રપ્રયાગના ગૌરીકુંડના જંગલમાં રવિવારે (૧૫ જૂન) સવારે એક હેલીકોપ્ટર ક્રેશ થતા સાત લોકોના મોત થયા છે. આમાં બે વર્ષનું બાળક પણ સામેલ છે. દ્દઇહ્લ અને જીદ્દઇહ્લની ટીમો ઘટનાસ્થળે રાહત અને બચાવની કામગીરી કરી રહી છે.

### આ અકસ્માતમાં કુલ ૭ લોકોના મોત થયા

# કેદારનાથ જઈ રહેલું હેલિકોપ્ટર ગૌરીકુંડના જંગલોમાં ક્રેશ થયું

(સંપૂર્ણ સમાચાર સેવા)
દેહરાદૂન, તા.૧૫ :
ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લામાં કેદારનાથ જઈ રહેલું હેલિકોપ્ટર સવારે ૫.૨૦ વાગ્યે ગૌરીકુંડના જંગલોમાં ક્રેશ થયું. આ અકસ્માતમાં કુલ ૭ લોકોના મોત થયા છે. આ સાત લોકોમાં એક ગુજરાતના વ્યક્તિ હોવાની માહિતી સામે આવી રહી હતી. પરંતુ વધારે તપાસમાં તે વ્યક્તિ મહારાષ્ટ્રનો વ્યક્તિ હોવાની પુષ્ટી થઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આર્યન કંપનીનું હેલિકોપ્ટર ક્રેશ થયું છે. આ અકસ્માત ગૌરીકુંડ અને ત્રિજુગીનારાયણ નારાયણ વચ્ચે થયો હતો. હેલિકોપ્ટર ક્રેશ થવાનું કારણ ખરાબ હવામાન હોવાનું કહેવાય છે. તે જ સમયે, આ અકસ્માતની માહિતી આપતા, ઉત્તરાખંડના એડીજી લો અને ઓર્ડર, ડૉ. વી મુરુગેશે જણાવ્યું હતું કે, દેહરાદૂનથી કેદારનાથ જઈ રહેલું હેલિકોપ્ટર ગૌરીકુંડમાં ક્રેશ થયું હતું. સીએમ પુષ્કર સિંહ ધામીએ આ ઘટના અંગે નિવેદન જારી કર્યું છે. તેમણે કહ્યું છે કે, રુદ્રપ્રયાગમાં હેલિકોપ્ટર ક્રેશ થવાના ખૂબ જ દુ:ખદ સમાચાર મળ્યા છે. SDRF, સ્થાનિક વહીવટીતંત્ર અને અન્ય બચાવ ટીમો રાહત અને બચાવ કામગીરીમાં લાગી ગઈ છે. હું બાબા કેદારને તમામ ભક્તોની સલામતી માટે પ્રાર્થના કરું છું.

ગુપ્તકાશી સ્થિત આર્યન હેલી એવિએશનનું એક હેલિકોપ્ટર કેદારનાથથી ગુપ્તકાશી માટે ૬ મુસાફરો સાથે ઉડાન ભરી રહ્યું હતું, જે સમયસર ગુપ્તકાશી પહોંચી શક્યું ન હતું. કેદારનાથથી ગુપ્તકાશી આવતા સમયે અચાનક ખરાબ હવામાનને કારણે હેલિકોપ્ટર ક્રેશ થયું હોવાનું જાણવા મળ્યું છે. જાણવા મળ્યું છે કે, જ્યાં દુર્ઘટના થઈ તે સ્થળ ગૌરીકુંડથી લગભગ ૦૫ કિમી ઉપર ગૌરી માઈ ખાર્ક નામનું સ્થળ છે. SDRF ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. સોનપ્રયાગ પોલીસ સ્ટેશન અને DDRF ટીમ બચાવ ટીમો ઘટના સ્થળે પહોંચી હતી.

ઉત્તરાખંડના કેદારનાથમાં આજે સવારે થયેલા હેલિકોપ્ટર ક્રેશમાં જીવ ગુમાવનારા લોકોની ઓળખ થઈ ગઈ છે. આ અકસ્માતમાં ૭ લોકોના મોત થયા છે અને મૃતકોમાં એક બાળકીનો પણ સમાવેશ થાય છે. આ અકસ્માતમાં BKTCના એક કર્મચારીનો પણ જીવ ગયો છે. મૃતકોની યાદીમાં ૨ મહિલાઓના નામ પણ સમાવેશ થાય છે. ક્રેશ થયેલ હેલિકોપ્ટર કેદારનાથના દર્શન કર્યા પછી ભક્તો સાથે ગૌરીકુંડ માટે ઉડાન ભરી હતી. જ્યાં અકસ્માત થયો તે સ્થળ એક દૂરસ્થ વિસ્તાર છે.

મહત્વનું છે કે, ઉત્તરાખંડના ચારધામમાંથી એક એવા કેદારનાથ નજીક હેલિકોપ્ટર ક્રેશ થવાની દુર્ઘટના બની છે. જેમાં ૭ લોકોના મોત થયા છે. દુર્ઘટનાગ્રસ્ત હેલિકોપ્ટરમાં કેટલાક ગુજરાતી હોવાની પણ આશંકા હતી, પરંતુ પાછળથી તેમાં રદિયો આપ્યો છે. મૃતકોમાં ૨ વર્ષની એક બાળકી પણ સામેલ છે. ખરાબ હવામાનના કારણે દુર્ઘટના બની છે.

### દુર્ઘટનાને ધ્યાનમાં રાખીને ઉત્તરાખંડ સરકારનો નિર્ણય

# ચારધામ યાત્રામાં હેલિકોપ્ટર સેવા બંધ કરવા નિર્ણય લેવાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)
કેદારનાથ, તા.૧૫ : કેદારનાથ નજીક રૂદ્રપ્રયાગમાં હેલિકોપ્ટર ક્રેશ થયા બાદ ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા દરમિયાન હેલિકોપ્ટર સેવાઓ આગામી આદેશ સુધી સ્થગિત કરી દેવામાં આવી છે.

યુકાડા (ઉત્તરાખંડ નાગરિક ઉડ્ડયન વિકાસ સત્તામંડળ) અને DGCAએ સંયુક્ત રૂપે આ નિર્ણય લીધો છે. આ નિર્ણય રવિવારે ગૌરીકુંડમાં હેલિકોપ્ટર ક્રેશની ઘટના બાદ લેવામાં આવ્યો છે. જેમાં સાત લોકોના મોત થયા છે. તપાસ પૂરી થયા બાદ સુરક્ષાના માપદંડોની સમીક્ષા સુધી ચારધામ યાત્રા માટે હેલિકોપ્ટર સેવાઓ સ્થગિત રહેશે.

રાજ્યમાં હેલિકોપ્ટરની વધી રહેલી દુર્ઘટનાઓની ગંભીરતાને ધ્યાનમાં લેતાં મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ હેલિકોપ્ટર સંચાલન મુદ્દે આકરા નિર્દેશ આપ્યા છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, પ્રદેશમાં હેલિકોપ્ટર સેવાઓના સંચાલન માટે કડક SOP (સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિઝર) તૈયાર કરવામાં આવશે. જેમાં હેલિકોપ્ટરની ટેક્નિકલ સ્થિતિની સંપૂર્ણ તપાસ અને ઉડાન પહેલાં હવામાનની સચોટ માહિતી મેળવવી અનિવાર્ય છે.

મુખ્યમંત્રીએ મુખ્ય સચિવને નિર્દેશ આપ્યો છે કે, ટેક્નિકલ એક્સપર્ટની એક કમિટી રચવામાં આવે.

જે હેલિકોપ્ટરના સંચાલન માટે તમામ ટેક્નિકલ અને સુરક્ષાના માપદંડોની સમીક્ષા કરી SOP તૈયાર કરશે. જે ખાતરી આપશે કે, હેલિકોપ્ટર સેવાઓનું સંચાલન સંપૂર્ણપણે સુરક્ષિત, પારદર્શક અને નિર્ધારિત માપદંડો અનુસાર છે.

# પાકિસ્તાને અમેરિકાને આપી પરમાણુ ધમકી

(સંપૂર્ણ સમાચાર સેવા)
ઈસ્લામાબાદ, તા.૧૫
ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે, પાકિસ્તાને ચેતવણી આપી છે. પાકિસ્તાને અમેરિકાને જણાવ્યું છે કે જો ઈરાન પર કોઈ પરમાણુ હુમલો થશે, તો પાકિસ્તાન ઈઝરાયલ પર પરમાણુ બદલો લેવા માટે એટેક કરશે. આ મામલાની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને, પાકિસ્તાને અમેરિકા અને ફ્રાન્સ બંનેને પોતાનું વલણ સમજાવ્યું છે.

પાકિસ્તાને આ દેશોને એ પણ સ્પષ્ટ કર્યું છે કે જો કોઈ દેશ ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના સંભવિત યુદ્ધમાં સીધો હસ્તક્ષેપ કરશે, તો પાકિસ્તાની સેના ઈઝરાયલ સામેના યુદ્ધમાં ઈરાન સાથે જોડાશે.

આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ઈરાન અને ઈઝરાયલ વચ્ચે તણાવ ચરમસીમાએ છે અને પરમાણુ કાર્યક્રમ અંગે આંતરરાષ્ટ્રીય સમુદાયમાં ચિંતાઓ રહેલી છે. પાકિસ્તાનનું વલણ આ ક્ષેત્રમાં કોઈપણ લશ્કરી સંઘર્ષના ગંભીર પરિણામોને રેખાંકિત કરે છે, જેમાં પરમાણુ યુદ્ધની શક્યતાનો પણ સમાવેશ થાય છે. પાકિસ્તાન, જે પોતે એક પરમાણુ શક્તિ છે, તેનું આ નિવેદન પ્રાદેશિક સુરક્ષા અને વૈશ્વિક સ્થિરતા માટે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. તે મધ્ય પૂર્વમાં કોઈપણ લશ્કરી ઉગ્રતાના સંભવિત વિનાશક પરિણામોને પ્રતિબિંબિત કરે છે, ખાસ કરીને જો તેમાં પરમાણુ શસ્ત્રોનો સમાવેશ થાય છે.

અમેરિકા, ફ્રાન્સ અને ઈઝરાયલ આ ચેતવણી પર કેવી પ્રતિક્રિયા આપે છે તે જોવાનું બાકી છે. જો કે, એ સ્પષ્ટ છે કે પાકિસ્તાને તેની સુરક્ષા અને પ્રાદેશિક સાથીઓ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા વિશે ખૂબ જ મજબૂત સંદેશ મોકલ્યો છે. આ વિકાસ ચોક્કસપણે રાજદ્વારી વર્તુળોમાં મોટી ચર્ચાને વેગ આપશે.

### ડોનાલ્ડની ઈરાનને ચેતવણી

# અમેરિકા પર હુમલો કરવા અંગેની કોઈ ભૂલ ના કરતાં : ટ્રમ્પ

(સંપૂર્ણ સમાચાર સેવા) વોશિંગ્ટન, તા.૧૫ : ઈરાન-ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધમાં ઈરાન દ્વારા અમેરિકાના સૈન્ય મથકને ટાર્ગેટ બનાવવાની યોજના પર અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ભડકી ઉઠ્યા છે. ટ્રમ્પે ઈરાનને ખુલ્લેઆમ ધમકી આપી છે કે, જો ઈરાને અમેરિકાના મથકો અને સંપત્તિ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો તો અમારી આખી અમેરિકન સેના એમના પર તૂટી પડશે. ઈઝરાયલ દ્વારા ઈરાન પર એર સ્ટ્રાઈક થયા બાદ ટ્રમ્પ સતત ઈરાનને સમજાવવા અને હથિયારો નાખી દેવા મનાવી રહ્યા છે. ટ્રમ્પે અગાઉ ઈરાનને કહ્યું હતું કે, તમે પરમાણુ ડીલમાં સમાધાન કરી લો, નહીં તો માઠા પરિણામો ભોગવવા પડશે. ત્યારબાદ આજે ફરી ટ્રમ્પે ઈરાનને ધમકી આપી છે. ટ્રમ્પે પોતાના પ્લેટફોર્મ ટ્રૂથ સોશિયલ પર ખામેનેઈના નેતૃત્વ હેઠળના ઈસ્લામિક રિપબ્લિકને સીધો સંદેશ આપ્યો હતો કે, ઈરાન પર થયેલા હુમલામાં અમેરિકાનો કોઈ હસ્તક્ષેપ નથી. જો તેઓએ અમારા પર કોઈપણ રીતે હુમલો કરવાનો પ્રયાસ કર્યો તો, અમારી અમેરિકાની સેના પૂરા બળ સાથે ઈરાન પર હુમલો કરશે. જે અગાઉ ક્યારેય જોયો નહીં હોય. અમે આ લોહિયાળ યુદ્ધ રોકવા માટે ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ડીલ કરાવવા પ્રયાસ કરી રહ્યા છીએ. ટ્રમ્પે વધુ એક પોસ્ટમાં કહ્યું હતું કે, મેં ઈરાનને પરમાણુ ડીલ કરવા માટે ૬૦ દિવસનું અલ્ટીમેટમ આપ્યું હતું. આજે તેને ૬૧મો દિવસ થયો છે. મેં તેમને નિર્ણય લેવા સલાહ આપી હતી, પરંતુ તેઓ કોઈ નિર્ણય લઈ શક્યા નથી. હજુ તેમની પાસે તક છે, તેઓ માની જાય. ટ્રમ્પ પોતાની પોસ્ટ દ્વારા અવારનવાર કહી રહ્યા છે કે, ઈરાને લોહિયાળ યુદ્ધના અત્યંત ખરાબ પરિણામ ભોગવવા પડશે.

# ભારતમાં બ્રિટિશ ફાઈટર જેટ F-35નું ઈમરજન્સી લેન્ડિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)
તિરુવનંતપુરમ, તા.૧૫
બ્રિટિશ નૌકાદળના F-35 ફાઈટર જેટે શનિવારે રાત્રે ઈંધણના અભાવે કેરળના તિરુવનંતપુરમ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કર્યું. આ જેટ HMS પ્રિન્સ ઓફ વેલ્સ કેરિયર સ્ટ્રાઈક ગ્રુપનો ભાગ છે જે તાજેતરમાં ભારતીય નૌકાદળ સાથે સંયુક્ત કવાયતમાં સામેલ હતું. ખરાબ હવામાનને કારણે નિર્ધારિત રિફ્યુઅલિંગ પોઈન્ટ પર લેન્ડિંગ શક્ય નહોતું.

બ્રિટિશ નૌકાદળમાં તૈનાત F-35 ફાઈટર જેટે શનિવારે મોડી રાત્રે કેરળના તિરુવનંતપુરમ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કર્યું. આ પાછળનું કારણ જેટમાં ઈંધણનો અભાવ હોવાનું કહેવાય છે. પાઈલટને ખ્યાલ આવતા જ કે પેટમાં ઈંધણનો અભાવ છે અને તે ગમે ત્યારે અકસ્માતનો ભોગ બની શકે છે.

આ પછી, તેણે નજીકના હવાઈ ક્ષેત્રમાંથી ઈમરજન્સી લેન્ડિંગ માટે પરવાનગી માંગી. તેને કેરળના નજીકના તિરુવનંતપુરમ એરપોર્ટ પર લેન્ડ કરવામાં આવ્યું.

શનિવારે મોડી રાત્રે ઈમરજન્સી લેન્ડિંગ થયા બાદથી આ ફાઈટર જેટ તિરુવનંતપુરમમાં ઊભું છે. આ જેટ યુકેના HMS પ્રિન્સ ઓફ વેલ્સ કેરિયર સ્ટ્રાઈક ગ્રુપનો ભાગ છે, જે હાલમાં ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં તૈનાત છે અને તાજેતરમાં ભારતીય નૌકાદળ સાથે સંયુક્ત કવાયત પૂર્ણ કરી છે.

તિરુવનંતપુરમમાં ફાઈટર જેટનું લેન્ડિંગ માટે અત્યાર સુધી ઘણા કારણો પ્રકાશમાં આવ્યા છે. સૌથી મોટું કારણ ઈંધણનો અભાવ હોવાનું કહેવાય છે. જેટ તેના નિર્ધારિત સ્થળેથી ઈંધણ પણ લઈ શકતું હતું.

જોકે, ખરાબ હવામાનને કારણે ત્યાં લેન્ડિંગ થઈ શક્યું ન હતું. આ જ કારણ છે કે તિરુવનંતપુરમમાં લેન્ડિંગ કરવામાં આવ્યું છે. યુકે નૌકાદળમાં તૈનાત આ F-35 ફાઈટર જેટ HMS પ્રિન્સ ઓફ વેલ્સ કેરિયર સ્ટ્રાઈક ગ્રુપનો ભાગ છે. તેને વિશ્વનું સૌથી ખતરનાક ફાઈટર જેટ માનવામાં આવે છે. જે હાલમાં ઈન્ડો-પેસિફિકમાં કાર્યરત છે.

તાજેતરમાં, તેણે ભારતીય નૌકાદળ સાથે યુદ્ધ કવાયત કરી હતી. F-35 એક પ્રકારનું ફાઈટર જેટ છે, જે બ્રિટનનું છે. તે તેની ખાસ વિશેષતાઓ માટે જાણીતું છે, જે તેને વિશ્વનું સૌથી શક્તિશાળી ફાઈટર જેટ બનાવે છે. તે અદ્યતન સ્ટીલ્થ ટેકનોલોજી સાથે સૌથી વધુ ઉપયોગમાં લેવાતું પાંચમી પેઢીનું ફાઈટર જેટ છે. ટૂંકા અને મધ્યમ અંતરની મિસાઈલોથી સજ્જ, આ ફાઈટર એરક્રાફ્ટમાં એવી વિશેષતા પણ છે કે દુશ્મનનું રડાર પણ તેને શોધી શકતું નથી.

# ઈરાને હુમલો કરી ભેદી કાઢ્યું ઈઝરાયેલનું સૌથી મોટું કવચ

(સંપૂર્ણ સમાચાર સેવા)
તહેરાન, તા.૧૫ : ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે જંગ છેડાઈ ગઈ છે. ઈઝરાયેલે ઈરાન પર એટેક કરીને તેહરાનમાં ભીષણ તબાહી મચાવી હતી. હુમલાઓના કારણે હાહાકાર મચ્યો. હવે ઈરાને પણ પલટવાર કર્યો. એક ખૌફનાક વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. જેમાં જોવા મળી રહ્યું છે કે ઈરાની મિસાઈલ કેવી રીતે આયર્ન ડોમ તોડીને ઈઝરાયેલના ડિફેન્સ હેડક્વાર્ટર પર જઈ પડી. આયર્ન ડોમ ઈઝરાયેલની સૌથી શક્તિશાળી એર ડિફેન્સ સિસ્ટમ છે. આયર્ન ડોમ ઈઝરાયેલની અત્યંત શક્તિશાળી એર ડિફેન્સ સિસ્ટમ છે જે હવાઈ હુમલાથી રક્ષા મુખ્યાલયની સુરક્ષા કરે છે. તેલ અવીવ ઉપરાંત અન્ય શહેરોને ટાર્ગેટ કરીને ઈરાને ૧૫૦થી વધુ મિસાઈલો છોડી છે. આ હુમલાઓના કારણે ઈઝરાયેલને ભારે નુકસાન થયું છે. વીડિયોમાં મિસાઈલ ગુંબજને તોડીને રક્ષા મુખ્યાલય પર પડતી જોવા મળી રહી છે. આ વીડિયોને એક્સ પર પોસ્ટ કરી લખાયું છે કે ઈરાને પહેલા હુમલા હેઠળ તેલ અવીવ સ્થિત ઈઝરાયેલી રક્ષા મંત્રાલયના મુખ્યાલયને નિશાન બનાવ્યું. ૧૯ સેકન્ડનો આ વીડિયો ખુબ વાયરલ થઈ રહ્યો છે. બેકગ્રાઉન્ડમાં માર્ગનિટ ટાવર પણ જોઈ શકાય છે. જે તેલ અવીવનું એક પ્રમુખ લેન્ડમાર્ક છે. ત્યારબાદ IDF એ જણાવ્યું કે સમગ્ર દેશ પર ઈરાનથી હુમલા થઈ રહ્યા છે. ઉત્તર ઈઝરાયેલના અનેક વિસ્તારોમાં મિસાઈલ એલર્ટ બાદ લોકો સુરક્ષિત સ્થળોને શોધવા માટે ભાગતા જોવા મળ્યા. આઈડીએફના પ્રવક્તા લેફ્ટનન્ટ કર્નલ નદાવ શોશનીએ એક્સ પર લખ્યું કે મધ્ય પૂર્વમાં હાલના તણાવ માટે ઈરાન અને ફક્ત ઈરાન જ જવાબદાર છે. પરમાણુ હથિયાર હાંસલ કરવા અને ઈઝરાયેલને નક્શાથી ભૂસાડી દેવાની તેમની ચાહત જ અમને અહીં સુધી લાવી છે. આ ઉપરાંત લખ્યું છે કે ઈઝરાયેલે હજારો માઈલ દૂરથી આતંકી ઠેકાણાઓ પર સટીક હુમલા કર્યા પરંતુ ઈરાને નાગરિક વસાહતો પર અંધાધૂંધ મિસાઈલો છોડી. એક પક્ષ બહાદૂરીથી ઓપરેશન કરે છે અને પોતાના નાગરિકોને સુરક્ષિત કરે છે. બીજો પક્ષ કાયરોની જેમ છૂપાય છે અને નાગરિકોને નિશાન બનાવે છે. બસ આટલું જ તમારે જાણવું જોઈએ.

# ઈરાન અને ઈઝરાયલ તણાવને પગલે ભારતીય ચા નિકાસ માટે સંકટના એંધાણ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૫ : પશ્ચિમ એશિયાઈ બજારો, ખાસ કરીને ઈરાન અને ઈરાકમાં મજબૂત માંગને કારણે ભારતીય પરંપરાગત ચાના ભાવમાં વધારો થયો છે. પરંતુ હવે ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના સંઘર્ષથી તણાવ વધવાનો ભય છે, જેના કારણે આ ક્ષેત્રમાં ચાનો પુરવઠો ખોરવાઈ શકે છે જેના પગલે ભારતીય ચા નિકાસ માટે સંકટ ઉભું થવાના એંધાણ સાંપડે છે. ઈન્ડિયન ટી એક્સપોર્ટર્સ એસોસિએશને જણાવ્યું હતું કે ચા વહન કરતા કાર્ગો પહેલાથી જ નીકળી ગયા છે, કેટલાક હજુ પણ શિપમેન્ટની રાહ જોઈ રહ્યા છે. તેથી, હાલના અને ભવિષ્યના ઓર્ડર અંગે ચિંતા છે. આ સંઘર્ષની પરિસ્થિતિ તેમજ નિકાસ અંગે ચિંતિત છીએ. એસોસિએશનના સભ્યો પોતપોતાના ખરીદદારો સાથે સંપર્કમાં છે. અને પરિસ્થિતિનો અંદાજ કાઢવાનો પ્રયાસ કરી રહ્યા છે. ઉત્પાદકો અને નિકાસકારો બંનેને ચાના વ્યવસાયમાં કામચલાઉ ઘટાડો થવાનો ભય અનુભવી રહ્યા છે. ઈન્ડિયન ટી એસોસિએશને જણાવ્યું હતું કે ઈરાન ભારતીય ચા માટે સૌથી મોટા બજારોમાંનું એક છે. સંઘર્ષ હમણાં જ શરૂ થયો છે, પરંતુ હવે વેપારમાં વિક્ષેપ પડી શકે છે. તણાવ ઓછો થાય ત્યાં સુધી પરિસ્થિતિ આવી જ રહેશે. પરંપરાગત ચાની નિકાસ ઈરાનથી આવતી માંગ પર આધાર રાખે છે. જો ત્યાં માંગ ઓછી થાય છે, તો ખાસ કરીને પરંપરાગત ચાની નિકાસ પર અસર થશે.

પરંપરાગત રીતે ઈરાન ભારતીય ચા માટે ટોચના બજારોમાંનું એક રહ્યું છે. સામાન્ય રીતે ઈરાનમાં લગભગ ૩ કરોડ કિલો ચા નિકાસ કરવામાં આવે છે

Monday 16, June 2025

# દમણગંગા ટાઇમ્સ

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

VIMAL ENTERPRISE
શું તમે ગળતા ટેરેસ, બાથરૂમ લીકેજ તથા દિવાલમાંથી આવતા ભેજના લીધે પરેશાન છો ? તો ચિંતા નહિ!
આવી ગયું છે હવે, ''વિમલ એન્ટરપ્રાઇઝ'' જે તમને આધુનિક મશીન તથા ગેરંટી સાથે વોટરપ્રુફિંગ કરી આપવામાં આવશે

Mo. 9374135780
CONTACT:RAMBHAI KUSHWAHA.
Address: ઓફિસ નંબર 73 શિવ પૂજા સોસાયટી નંદાવલા વલસાડ-396001

## દમણમાં ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા યોગ કાર્યક્રમ યોજાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**દમણ, તા.૧૫ :** ૧૧માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અંતર્ગત કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા યોગાભ્યાસ કરવામાં આવ્યો હતો. એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ થીમ સાથે ઘણા સૈનિકોએ યોગમાં ભાગ લીધો હતો. દમણ કોસ્ટ ગાર્ડના કમાન્ડિંગ ઓફિસર સુધાંશુ બાજપાઈ દ્વારા દીપ પ્રગટાવીને ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. તનુજા મકવાણા અને પતંજલિ યોગ સમિતિના અન્ય લોકોની મદદથી, કોસ્ટ ગાર્ડના પરિવારો અને અન્ય લોકોને યોગ શીખવવામાં આવ્યો હતો. બાળકો, વૃદ્ધો અને મહિલાઓ સહિત ઘણા લોકોએ યોગમાં ભાગ લીધો હતો. આ સાથે કોસ્ટ ગાર્ડે તબીબી સારવાર માટે ડૉ. અગ્રવાલ આંખની હોસ્પિટલ સાથે કરાર કર્યો હતો. કોસ્ટ ગાર્ડ તેના અધિકારીઓ અને કર્મચારીઓ અને તેમના પરિવારોના સ્વાસ્થ્યનું ધ્યાન રાખશે. કોસ્ટ ગાર્ડના ચેતક હેલિકોપ્ટરના પરિસરમાં લોકોએ યોગ કર્યા હતાં.

## દાનહમાં પ્રથમ વરસાદે પ્રિમોનસૂનની પોલ ખુલી : ઠેર-ઠેર રસ્તા પર પાણી ભરાવાના બનાવો





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**સેલવાસ, તા.૧૫ :** શુક્રવાર સાંજના પ્રથમ મેઘવર્ષા સિલવાસાવાસીઓને ગરમીથી રાહત આપી પણ સાથે સાથે સ્થાનિક તંત્રના ખોટા દાવાઓની પણ પોલ ખોલી નાંખી. શહેરના અનેક વિસ્તારોમાં વરસાદ પડતાં તરતજ પાણી ભરાઇ જતાં જનજીવન ખોરવાયું હતું.

ખાસ કરીને સિલવાસા નગરપાલિકાના મુખ્ય અધિકારીના નિવાસસ્થાનથી માત્ર ૪૦૦ મીટરના અંતરે જ રસ્તાઓ પર પાણી ભરાતા લોકો પરેશાન થવા લાગ્યા હતાં. સોશિયલ મિડિયામાં આ દશ્યો વાઇરલ થતાં તંત્ર પર ટિપ્પણીઓની વરસાદ શરૂ થઈ ગઈ હતી. લોકોએ કહ્યું કે, જ્યાં સાહેબ રહે છે ત્યાં આવું હોય તો નગરના અંતિમ ખૂણે શું હાલત હશે ?

ટોકરખાડા, આમલી, કિલવણી રોડ અને સામરવણી જેવા વિસ્તારોમાં ઘૂંટણસમાન પાણી ભરાતા વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. કેટલીક જગ્યાએ તો દ્વિચક્રીવાળાં વાહનો બંધ પડી ગયા હતાં.

આ વખતે તો ITI રોડ જેવી વિસ્તૃત અને ઓછી સમસ્યાવાળી જગ્યા પણ પાણીમાં ગરકાવ થઈ ગયા હતાં. સામાન્ય રીતે જ્યાં પાણી ભરાતું નથી તેવી ITI રોડ પર આ વખતે 'મિની તળાવ' જેવી સ્થિતિ સર્જાઈ હતી. જે દેખાડી રહ્યુ કે હવે શહેરનો કોઇ ભાગ સુરક્ષિત રહ્યો નથી.

જોકે નગરપાલિકાએ થોડા દિવસો અગાઉ નાળા સાફ અને રસ્તા રિપેર અંગેની કામગીરી પૂર્ણ થઈ હોવાનો દાવો કર્યો હતો. પણ પહેલા જ વરસાદે આ દાવાઓની હકીકત દેખાડી દીધી. અહીંના નિવાસી મીના પટેલે કહ્યુ કે, દરેક વર્ષે કાગળ પર સાફસફાઈ થાય છે, પણ જમીન પર થતું નથી. લોકો માટે વરસાદમાં રાહત ઓછી અને તકલીફ વધુ બની જાય છે. હવે નાગરિકો તંત્ર પાસે માત્ર દાવાઓ નહીં પરંતુ તાત્કાલિક અને અસરકારક પગલાંની માંગ કરી રહ્યા છે.

## કલવાડાની નહેરના પાણીમાં દીપડો આરામ કરતો દેખાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૧૫ :** વલસાડ તાલુકાના કલવાડા ગામેથી પસાર થતી નહેરના પાણીમાં દીપડો આરામ ફરમાવતો ગઈકાલે રાત્રે જોવા મળતા રોડ પરથી પસાર થતા કારચાલકના હોશ ઉડી ગયા હતાં. જોકે ગામમાં દીપડો ફરતો હોવાની વાતો ફેલાતા ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

વલસાડ તાલુકાના કલવાડા ગામમાંથી મોટી નહેર પસાર થાય છે. આ નહેરમાં હાલમાં સિંચાઈ વિભાગ દ્વારા પિયતનું પાણી ખેડૂતો માટે છોડવામાં આવી રહ્યું છે. ત્યારે ગઈકાલે રાત્રે એક કાર ચાલક પોતાની કાર લઇ નહેરના રસ્તેથી પસાર થઈ જતી વખતે કારની લાઈટ નહેરના પાણીમાં પડતા અંદર આરામ ફરમાવતા દીપડાને જોતા કાર ચાલકના હોશ ઉડી ગયા હતાં. જોકે પાણીમાં બેઠેલા દીપડાનો વિડીયો ઉતારી લીધો હતો. ગામમાં દીપડો ફરી રહ્યો હોવાની વાતો ફેલાતાં ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળ્યો છે. જોકે અત્યાર સુધી આ દીપડાએ કોઈપણ વ્યક્તિ પર હુમલો કર્યો કે કોઈ નુકસાન કર્યું હોવાનું જાણવા મળ્યું નથી. ગ્રામજનોએ વલસાડ વન વિભાગને રખડતા દીપડાને પાંજરે પૂરવાની માંગણી કરી છે.

## ડાંગનાં સુબિર માર્ગ પર બાઈક સ્લીપ થતાં યુવાનનું મોત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**સાપુતારા, તા.૧૫ :** ડાંગ જીલ્લાનાં સુબિર તાલુકાનાં ગાયગોઠણ ગામે રહેતો સીમગુભાઈ ગંગાજુભાઈ ચોર્યા ઉ.૪૬ ગતરોજ શનિવારે સાંજે ૬:૩૦ કલાકે તેની માલિકીની સ્પેન્ડર બાઈક ન. જીજે ૩૦ બી ૧૧૧૮ લઈ સુબીર આહવા માર્ગ પર યાહામોગી માતાનાં મંદિર પાસેથી પસાર થઈ રહ્યા હતાં. ત્યારે અહી અચાનક બાઈક સ્લીપ થઈ જતા તેના શરીરે તેમજ માથાનાં ભાગે ગંભીર ઈજાઓ પોહચી હતી. જેથી તેને તાત્કાલીક સારવારનાં અર્થે આહવાથી વાંસદા કોટેજ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પરંતુ ગંભીર ઈજાઓનાં પગલે બાઈક ચાલકનું સારવાર દરમિયાન મોત નિપજ્યુ હતું.

## ઉમરસાડીનાં ફ્લેટમાંથી ત્રણ બુકાનીદારીઓ રૂા.૨.૭૦ લાખની ચોરી કરી પલાયન






**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**પારડી, તા.૧૫ :** પારડી તાલુકાના ઉમરસાડી ગામમાં પારડી રેલવે સ્ટેશન પાસે આવેલ વાસુદેવ રેસીડેન્સીના ફ્લેટમાં ત્રણ ત્રણ અજાણ્યા ઈસમો કે જેમણે રૂમાલથી મોઢું બાંધેલું હોય ફ્લેટના અંદર પ્રવેશ કરી સોનાના દાગીના તથા રોકડ રૂપિયા મળી ૨,૭૦,૦૦૦ની ચોરી કરી પલાયન થઈ ગયા હતાં. વાસુદેવ રેસીડેન્સીમાં ફ્લેટ નંબર ૧૦૪માં રહેતા કિરણ સિંહ રાજપુરોહિતના ફ્લેટનો કોઈ સાધન વડે તાળું તોડી નાંખી ફ્લેટના અંદર પ્રવેશ કરી બેડરૂમમાં મુકેલા લોખંડના કબાટના દરવાજા કોઈ સાધન વડે તોડી નાંખી કબાટની અંદર મુકેલ સોનાની ચેન, સોનાની વીંટી, રોકડા રૂપિયા ૧,૩૦,૦૦૦ કુલ મળી ૨,૭૦,૦૦૦ની ચોરી કરી તમામ અજાણ્યા ચોર પલાયન થઈ ગયા હતાં. ઉપરોક્ત બનાવના હકીકતની પારડી પોલીસ મથકે કિરણ સિંહએ ફરિયાદ આપતા પારડી પોલીસે અજાણ્યા ઈસમો સામે ગુનો દાખલ કર્યો છે. આ ચોરી સમયે ચોરોએ મોઢું બાંધેલુ હતુ. પારડી પોલીસે સીસીટીવી ફૂટેજ મેળવી આ બાબતની વધુ તપાસ હાથ ધરી છે. સીસીટીવી ફૂટેજમાં ત્રણેય ઈસમો દેખાઈ રહ્યા છે.

## બીલીમોરામાં સાયકલ સવાર વિદ્યાર્થીને ટેમ્પો અડફેટમાં લેતા મોત




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**બીલીમોરા, તા.૧૫ :** બીલીમોરામાં શુક્રવારે સાંજે ટ્યુશનથી પરત ફરતા સાયકલ સવાર ૧૦ વર્ષીય માસૂમ વિદ્યાર્થી પ્રણવ પાંડેને પાછળથી પુરપાટ ઝડપે દોડતા ટેમ્પોએ ઉડાવતા ટૂંકી સારવાર બાદ કરુણ મોત નિપજતાં શોકની લાગણી વ્યાપી હતી. અકસ્માત સર્જી સ્થળ ઉપર ટેમ્પો મૂકી ચાલક ફરાર થયો હતો. પોલીસ સીસીટીવી ફૂટેજ આધારે ભાગેડુ ટેમ્પો ચાલકને ગણતરીના કલાકોમાં શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

બીલીમોરા-ચીખલી માર્ગ ઉપર આંતલીયા આર.એ. પરીખ જવેલર્સ શો રૂમ સામે રહેતો અને બીલીમોરાની બી.એસ. પટેલ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં ધો.૫માં અભ્યાસ કરતો પ્રણવ રણજીતભાઈ પાંડે (૧૦) શુક્રવારે શાળા બાદ સાંજે આનંદનગરમાં ટ્યુશન લેવા ગયો હતો. જ્યા બીલીમોરા-ચીખલી રોડ ઉપર કોલેજ અને વન મોર કાફે સામેથી સાંજે ૫:૧૫ કલાકે સાયકલ હંકારી ઘર તરફ આગળ વધતો હતો. તે વેળા પાછળથી પુરપાટ ઝડપે દોડતા ટાટા ટેમ્પો નં. જીજે ૦૫ એવી ૨૦૨૩ના ચાલકએ પાછળથી અડફેટે લીધો હતો. જેમાં સાયકલ સવાર માસૂમ વિદ્યાર્થી પ્રણવ પાંડેને શરીર અને માથાના ભાગે જીવલેણ ઈજા પહોંચી હતી. તેમ છતાં ટેમ્પો ચાલક માનવતા છોડી સ્થળ ઉપર ટેમ્પો મૂકી ભાગી ગયો હતો. દરમ્યાન રાહદારીઓ મદદે આવ્યા હતાં અને માસૂમને પ્રથમ બીલીમોરાની સોમનાથ હોસ્પિટલ અને ત્યાર બાદ વધુ સારવાર માટે વલસાડ લઈ જવાયો હતો. જ્યાં ટૂંકી સારવાર બાદ પ્રણવનું પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. સમગ્ર મામલે મૃતક પ્રણવના દાદા અશોક દેવમણી પાંડે (૬૫)એ શનિવાર સવારે બીલીમોરા પોલીસમાં ટેમ્પો ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. બીલીમોરા પીઆઈ જયદીપસિંહ ચાવડાએ સીસીટીવી ફૂટેજ અને ટેમ્પોના રજીસ્ટ્રેશન નંબર આધારે ભાગેડુ ટેમ્પો ચાલકને શોધી કાઢવા તજવીજ હાથ ધરી હતી.

## ચણવઈમાં બાઈકને અજાણ્યા ટ્રકે ટક્કર મારતા ઈજા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૧૫ :** પારડીમાં આવેલા એક બંગલાનું કલર કામ કરી બાઈક પર ગઈકાલે રાત્રે પરત જતી વખતે અતુલના ચણવાઇ મુકુંદ ઓવરબ્રીજ ઉપર પૂરઝડપે દોડતી ટ્રક ચાલાકે બાઈક ચાલકને ટક્કર મારતા તેના પર સવાર બે વ્યક્તિને ઈજા થતાં નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

બીલીમોરા ગાયકવાડ મીલ પનાલાલની ચાલુ રહેતા રાજેશભાઈ રામ શિરોમણી પ્રજાપતિ સાથે તેમના શેઠ સુખરામભાઈ હરિદર ચૌહાણ રહે ગણેશ નગર વૃંદાવન સોસાયટી બીલીમોરા સાથે પારડીમાં આવેલા બંગલાનું કલર કામ કરવા માટે ગયા હતાં. ગઈકાલે રાત્રે ૯:૩૦ કલાકે હીરો હોન્ડા સ્પ્લેન્ડર નંબર જીજે ૨૧ એડી ૭૧૯૯ પર બેસી બીલીમોરા તરફ જતી વખતે અતુલ નજીક આવેલા ચળવાઇ મુકુંદ હાઈવે ઓવરબ્રીજ પર એક અજાણ્યા ટ્રક ચાલકે ટક્કર મારતા બાઈક પર સવાર બંને જણા નીચે ફટકાતા બંનેને હાથ પગ તથા શરીરે ઈજા બંનેને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા છે.

## લવાછામાં ભંગારના ગોડાઉનમાં ભીષણ આગથી અફડાતફડીનો માહોલ

**વાપી, તા.૧૪,** વાપી નજીકના લવાછા ગ્રામ પંચાયત હદ વિસ્તારમાં આવેલા ભંગારના ગોડાઉનમાં આજે શનિવારે વહેલી સવાર આગ લાગતા ભારે દોડધામ મચી ગઇ હતી. આગ લાગતા જ નજીકમાં રહેતા લોકોના જીવ તાળવે ચોંટી ગયા હતા. લશ્કરોએ ચાર કલાક બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. વાપી તથા આસપાસના વિસ્તારમાં આવેલા ભંગારના ગોડાઉનમાં આગના બનાવો હજી બની રહ્યા છે.

પ્રાપ્ત માહિતિ અનુસાર વાપી નજીકના લવાછા ગામે આવેલા ભંગારના ગોડાઉનમાં આજે શનિવારે વહેલી સવારે આગ સળગી ઉઠી હતી. ગોડાઉનમાં પ્લાસ્ટિક વેસ્ટના જથ્થાને કારણે આગ વધુ તિવ્ર બનતા આખુ ગોડાઉન લપેટમાં આવી ગયા બાદ આગના ધુમાડા આકાશમાં દૂર દૂર સુધી ફેલાઇ જતા ભારે ગભરાટ મચી ગયો હતો. રહેણાંક વિસ્તારમાં આવેલા ગોડાઉનમાં આગ લાગતા રહીશોમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. એટલું જ નહી પણ લોકોના જીવ તાળવે ચોંટી ગયા હતા.

ઘટનાને પગલે વાપી નોટિફાઇડ, જીઆઇડીસી, વાપી મનપા સહિતના વિસ્તારના બંબા દોડી ગયા બાદ લાશ્કરોએ ભિષણ આગને કાબુમાં લેવા કવાયત આદરી હતી. લગભગ ચાર કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. આગ લાગતા જ ડુંગરા પોલીસની ટીમ પણ પહોંચી ગઇ હતી. આગ કયા કારણોસર લાગી તે હજી બહાર આવ્યું નથી. અત્રે નોંધનીય છે કે વાપી તથા આસપાસના વિસ્તારમાં આવેલા ભંગારના ગોડાઉનમાં આગ લાગવાનો સિલશીલો યથાવત રહેતા લોકોમાં ફફડાટ મચી ગયો છે. મનપા દ્વારા ગેરકાયદે ભંગારના ગોડાઉન દૂર રવા અભિયાન હાથ ધરાયું છે. ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં પણ ગેરકાયદેસર ભંગારના ગોડાઉન દૂર કરવા પગલા ભરાય તે જરૂરી બન્યું છે.

## માલવણમાં રૂા.૨.૭૬ લાખનો દારૂ ઝડપાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૧૫ :** ડુંગરી પોલીસને મળેલી બાતમીને આધારે માલવણ ગામના આગર ફળિયામાં આવેલા બે ઘરોમાં છાપો મારતા ૨.૭૬ લાખનો દારૂ મળી આવતા એક મહિલાની ધરપકડ કરી જ્યારે પાંચ ઈસમો ભાગી છૂટતા પોલીસે તમામને વોન્ટેડ જાહેર કર્યા છે.

ડુંગરી પોલીસની ટીમને બાતમી મળી કે માલવણ ગામેના આગર ફળિયામાં આવેલા બે ઘરમાં દારૂ હોવાની બાતમી આધારે ડુંગરી પોલીસની ટીમે રેખાબેન ભગુભાઈ કોળી પટેલ અને કલ્પનાબેન પ્રવીણભાઈ કોળી પટેલના ઘરના પાછળના ભાગે સંતાળેલાની જગ્યાએ છાપો મારત ૮૫૯ બાટલી તેમ જ બિયરના ટીન કિંમત રૂપિયા ૨.૭૬ લાખનો દારૂ રેખાબેન ભગુભાઈ કોળી પટેલની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે ભાગી છુટેલા કલ્પનાબેન પ્રવીણભાઈ કોળી પટેલ, ભગુભાઈ મગનભાઈ પટેલ, હાર્દિક ઉર્ફે કાલી રમેશ પટેલ, પ્રજ્ઞેશ અશોક પટેલ અને ચંદુ ગોસાઈ ભાઈ પટેલ ભાગી છુટતા તેઓને વોન્ટેડ જાહેર કર્યા છે. જ્યારે આ દારૂનો જથ્થો વલસાડ અને બીલીમોરા તાલુકાના ગામોમાં ઓર્ડર મુજબ સપ્લાય કરવાનો હતો. જે અંગે ડુંગરી પોલીસ મથકમાં પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ પોલીસે હાથ ધરી છે.

## સાપુતારાનો વોન્ટેડ આરોપીને પોલીસે ઝડપી પાડ્યો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**સાપુતારા, તા.૧૫ :** ડાંગ જિલ્લાનાં સાપુતારા પોલીસ મથકે પોક્સો હેઠળનાં ગુનામાં એક શિક્ષકને વોન્ટેડ જાહેર કરવામાં આવેલ હતો. આજરોજ સાપુતારા પોલીસ મથકનાં પીઆઈઆરએસ પટેલની ટીમે હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી આ વોન્ટેડ આરોપીને ઝડપી પાડ્યો છે. સાપુતારા પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ શરીર સંબંધી ગુનાનાં આરોપી એવા ધનસુખભાઈ ધૂમ(ઉ. વ.૩૯, ધંધો. શિક્ષક રહે. રાનપાડા તા.આહવા જી.ડાંગ ) જે થોડાક દિવસથી વોન્ટેડ હતો. ત્યારે પોક્સો એક્ટના ગંભીર ગુનામાં સંડોવાયેલ આ શિક્ષકને સાપુતારા પોલીસે હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી ઝડપી પાડ્યો હતો.તેમજ આરોપીની અટકાયત કરીને પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## હનુમાન ભાગડામાં જુગાર રમતા ચાર શખ્સો ઝડપાયા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૧૫ :** વલસાડ તાલુકાના હનુમાન ભાગડા ગામે જુગાર રમતા હોવાની બાતમી આધારે વલસાડ સીટી પોલીસની ટીમે છાપો મારતા ૮૦,૪૭૦ના મુદ્દામાલ સાથે ચાર ઈસમોને ઝડપી પાડી જેલમાં ધકેલી દીધા હતાં.

વલસાડ તાલુકાના હનુમાન ભાગડા ગામના ભગત ફળીયા ત્રણ રસ્તા પાસે આવેલા એક મકાનની પાછળના ખુલ્લા શેડમાં ગંજીપાનો જુગાર રમાતો હોવાની બાતમી આધારે વલસાડ સીટી પોલીસની ટીમે છાપો મારતા જુગાર રમતા ચંદુભાઈ માવજીભાઈ ભાનુશાળી ઉ.વ ૪૮, ધવલભાઈ કિશોરભાઈ પરમાર ઉ.વ ૨૨, સાગરભાઈ શામજીભાઈ કટારીયા ઉ.વ ૩૩ અને લાલજીભાઈ ડુંગરસિંહ મંગે ઉ.વ ૬૪ તમામ રહે વલસાડને ધરપકડ કરી તેમની પાસેથી જુગારમાં મુકેલા રોકડા રૂપિયા ૫,૬૫૦ અને આરોપીઓ પાસેથી અંગઝડપી દરમિયાન ૧૯,૮૨૦ની રોકડ રકમ મળી આવી હતી. પોલીસે ત્રણ મોબાઈલ ફોન ૧૫,૦૦૦ , બે મોપેડ કિંમત ૪૦,૦૦૦ રૂપિયા મળી કુલ રૂા.૮૦,૪૭૦નો મુદ્દામાલ સાથે ઝડપી પાડી જેલમાં ધકેલ લીધા હતાં. સીટી પોલીસ મથકમાં જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ પોલીસે હાથ ધરી છે.

## અબ્રામાના વાવ ફળિયામાં રસ્તા પર કાદવ કિચડથી લોકો પરેશાન

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૧૩ :** અબ્રામા વાવ ફળિયા વોર્ડ નંબર ૧૧ વિસ્તાર ના રસ્તાની બાજુમાંથી એસટીપી પ્લાન્ટની લાઈન લઈ જવા માટે ખોદકામ કર્યા બાદ માટી પુરાણ નહીં કરે એમને એમ રાખી મૂકવામાં આવતા વરસાદમાં રોડ પર કાદવ કિચડના કારણે વિસ્તારના રહીશો વાહન ચાલકો રાહદારીઓ કંપનીના કર્મચારીઓ ભારે પરેશાની વેઠી રહ્યા છે. વલસાડ નગરપાલિકામાં આવતા વોર્ડ નંબર ૧૧ના અબ્રામા વાવ ફળિયાની બે વર્ષના તેમજ વલસાડ નગરપાલિકાને નવા કાઉન્સિલરો ની ભેટ મળી પરંતુ નવા નિશાળિયા હોવાના કારણે કયા સમયે કઈ કામગીરી કરવી એ ખબર ન હોવાથી નગરપાલિકાના વહીવટ કરતા એન્જિનિયારો તેમજ કર્મચારીઓને મજા પડી છે. વલસાડ નગરપાલિકાના અબ્રામા વાવ ફળિયામાં જતો મુખ્ય રસ્તા આવેલો છે. અબ્રામા વાવ ફળિયા વિસ્તારમાં કંપનીઓ અને રહીશોના ઘરો મોટા પ્રમાણમાં આવેલા છે. નગરપાલિકા દ્વારા અબ્રામા વિસ્તારના વોર્ડ નંબર ૧૧ માં ૬ કરોડથી વધુના ખર્ચે એસટીપી પ્લાન્ટ કરવામાં આવ્યો હતો અને જે માટે જગ્યા ફાળવવામાં આવી હતી જો કે વિસ્તારના રહીશોએ ભારે વિરોધ કરવા તેમ છતાં કામગીરી શરૂ કરી હતી જોકે વાવ ફળિયાના મુખ્ય રસ્તા બાજુમાંથી લાઈન લઈ જવા માટે રોડની બાજુમાંથી લઈને લઈ જતી વખતે કરેલું ખોદકામ એમને એમ રાખવામાં આવતા આજરોજ શુક્રવારે સવારે પડેલા વરસાદ પડતાની સાથે જ રોડ ઉપર કાદવ કિચ્ડ અને રસ્તો ચીકણો બની ગયો હતો. જેના કારણે અબ્રામા વાવ ફળિયાના મુખ્ય રસ્તા પરથી પસાર થતા વિસ્તારના રહીશો, કંપનીના કર્મચારીઓ બાઈક ચાલકો રાહદારીઓ ભરે પરેશાન થઈ ગયા હતાં. અબ્રામા વિસ્તાર માં ડામોર રસ્તો બનાવવા માટે મંજૂરી મળી હોવાનું જાણવા મળ્યું છે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani, Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**